RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 14, Issue : 271, Dt.04-01-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સૌરાષ્ટ્ર-કચ્છમાં શિયાળાએ અસલી મિજાજ બતાવ્યો

## રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છ બન્યુ ઠંડુગારઃ સોરઠમાં પશુ-પક્ષી-યાત્રિકો ઠુઠવાયાઃ ગિરનાર પર ૪.૫ ડિગ્રી, રાજકોટમાં ૧૦.૫ ડિગ્રી, નલિયામાં ૧૦, ભૂજ-૧૦.૯ ડિગ્રી જયારે સુરેન્દ્રનગરમાં ૧૨, જામનગરમાં ૧૩ ડિગ્રી તાપમાન નોંધાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ જાન્યુઆરી માસમાં પ્રથમ સપ્તાહમાં શિયાળાની ઋતુએ પોતાનો અસલી મીજાજ બતાવતા કાતીલ ઠંડીનું મોજુ ફરી વળતા પશુ પક્ષી પ્રાણીઓ સાથે માનવ જીવન પર અસર જોવા મળી છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ સહિતના અનેક જિલ્લાઓમાં હવાના ભેજમાં વધારા સાથે વહેલી પરોઢ અને રાતે ઠંડીનું જોર વધતા ઠેર ઠેર સ્થળોએ તાપણા શરૂ થયા છે. જનજીવન ગરમ વસ્ત્રોમાં ઢબુરાઈ ગયું છે.

ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છ ગત ડિસેમ્બર માસમાં ઠંડીના પ્રમાણમાં ચઢાવ ઉતાર બાદ જાન્યુઆરી માસના પ્રારંભિક દિવસોમાં પારો નીચે ઉતરતા ઠંડીનું મોજુ સર્વત્ર પ્રસરી ગયું છે. સૌરાષ્ટ્રના રાજકોટ સહિતના અનેક જિલ્લાઓમાં શિયાળાની ઋતુમાં ઠંડીએ જોર પકડતા જનજીવન પર ઠંડીની અસર વર્તાઈ રહી છે. ગિરનાર પર્વત ઉપર ચાલુ સીઝનમાં સૌ પ્રથમવાર ૪.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં નોંધાયેલ ન્યુનતમ તાપમાનમાં નલીયા ૧૦, કંડલા ૧૩.૬, ઓખા ૧૯, ભુજ ૧૦.૯, દ્વારકા ૧૬.૪, અમરેલી ૧૩.૨, ભાવનગર ૧૫.૨, પોરબંદર ૧૩, રાજકોટ ૧૦.૫, સુરેન્દ્રનગર ૧૨, વેરાવળ ૧૫.૯, જુનાગઢ ગીરનાર પર્વત ૪.૫ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

જયારે ગુજરાતમાં ગાંધીનગર ૧૨.૫, અમદાવાદ ૧૪.૩, બરોડા ૧૪.૪, સુરત ૧૬.૨ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. સૌરાષ્ટ્ર કચ્છઉમાં શિયાળો જામતા વહેલી સવારે અને રાત્રીના શહેરી વિસ્તારો અને હાઈવે માર્ગોમાં ટ્રાફિકમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.રાજકોટ શહેરમાં ચાલુ સીઝનમાં ઠંડીનું જોર વધતા જનતા ગરમ વસ્ત્રોમાં ઢબુરાઈ ગયા છે.

વર્ષ ૨૦૨૪ની શરૂઆતના પ્રથમ દિવસેથી જ ઠંડીનો પારો નીચે ગગડી જતા સોરઠ આખુ ઠંડીમાં ઠુંઠવાઈ જવા પામી રહ્યું છે. ગઈકાલે અને આજે ઠંડીમાં વધુ વધારો થવા પામતા પારો ૪.૫ ડીગ્રીથી નીચે આવી જતા જુનાગઢ પર્વત હીમાલય સીમલા થઈ ગયો હોય તેવો અહેસાસ સહેલાણીઓ પ્રવાસીઓ તેમજ ગીરનારના પગથીયા ચડી ઉતરતા લોકોને થઈ રહ્યો છે. જુનાગઢ સકકરબાગ ઝુમાં પ્રાણીઓને ઠંડીથી બચાવવા હીટર બલ્બ નેટ કંતાનો પેક કરવામાં આવી રહ્યા છે. કાર્તીક માગસર માસમાં ઠંડીની રાહ જોયા બાદ ઈ.સ. ૨૦૨૪ના પ્રથમ દિવસથી શિયાળાએ મીજાજ બદલી નાખી રોજબરોજ પારો નીચે ઉતરી રહ્યો છે. આજે વર્ષનો સૌથી વધુ ઠંડીનો દિવસ ૪.૫ ડીગ્રીએ પારો લઘુતમ તાપમાન નીચે જવા પામ્યું હતુ સાથે ધુમ્મસ જેવા વાતાવરણથી સીમલા કુલુ મનાલી જેવો અહેસાસ થઈ રહ્યો છે.

# ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૬૦ કેસ સામે આવ્યાઃ કેરળ અને કર્ણાટકમાં એક-એક દર્દીના મોત

## દેશમાં એકટીવ કેસની સંખ્યા વધી ૪૪૨૩ થઈઃ અત્યાર સુધી ભારતમાં સાડા ચાર કરોડથી વધુ લોકો કોરોનાથી સંક્રમિત થયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં કોરોના વાયરસના કેસ ફરી વધવા માંડ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે ગુરુવારે જણાવ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૭૬૦ કેસ નોંધાયા હતા. આ સાથે જ કોરોનાથી બે દર્દીઓના મૃત્યુ થયાની પણ માહિતી મળી છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે નવા કેસ સામે આવ્યા બાદ દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા વધીને ૪૪૨૩ થઈ ચૂકી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે ગુરુવારે સવારે ૮ વાગ્યે આંકડા અપડેટ કર્યા હતા જે અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં કેરળ અને કર્ણાટકમાં એક એક દર્દીનું મોત કોરોનાને કારણે થયું હોવાની જાણકારી અપાઈ હતી.



ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ૫ ડિસેમ્બર સુધી રોજિંદા કેસની સંખ્યા ઘટીને બેવડા અંકોમાં આવી ગઈ હતી જોકે કોરોનાનો નવો વેરિયન્ટ મળ્યા બાદ ફરી કેસમાં વધારો થવા લાગ્યો. જ્યારે કોરોના વાયરસની મહામારી ચરમ પર હતી ત્યારે દરરોજ લાખો કેસ આવી રહ્યા હતા. ૨૦૨૦થી અત્યાર સુધી ભારતમાં ૪.૫ કરોડથી વધુ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે અને ૫.૩ લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે.

# મુંબઈમાં ISIS મોડ્યુલનો ખુલાસો કરતું NIA: બ્લાસ્ટનું હતું ષડયંત્ર

**મુખ્ય સમાચાર, મુંબઈ**

મહારાષ્ટ્ર ISIS મોડ્યૂલ કેસની તપાસ કરી રહેલા NIAએ મોટો ખુલાસો કર્યો છે. પોતાના ૪૦૦૦ પાનાના આરોપ પત્રમાં NIAએ ધરપકડ કરેલા આરોપીઓ દ્વારા દેશમાં ઇસ્લામિક સંગઠનને સ્થાપિત કરવાના પ્રયાસોની જાણકારી આપી છે. સૌથી મોટી વાત એ છે કે કાશ્મીરમાં ISIS માટે જમીન તૈયાર કરવાનું કામ મુંબઇનો એક યુવક તાબિશ નસીર સિદ્દીકી કરી રહ્યો હતો.

તાબિશ નસીર સિદ્દીકી મુંબઇના ભાયખલાનો રહેવાસી છે. તાબિશ મહારાષ્ટ્રના ISIS મોડ્યૂલ કેસમાં આરોપી નંબર વન છે. NIAએ તાજેતરમાં દાખલ કરેલા આરોપ પત્રમાં જણાવ્યું કે તાબિશ સિદ્દીકી કાશ્મીરમાં ISIS માટે જમીન તૈયાર કરવાનું કામ કરતો હતો. NIA અનુસાર તાબિશ વર્ષ ૨૦૧૮માં કાશ્મીરના કુપવાડામાં એક અઠવાડિયા સુધી રોકાયો હતો. ત્યાથી તેને ISISના ઇમેલ દ્વારા કાશ્મીરની સ્થિતિની સાથે કાશ્મીરમાં ISISનું સંગઠન ઉભુ કરવાનો પ્લાન પણ મોકલ્યો હતો.



આ કેસને લઇને પૂર્વ આઇપીએસ પીકે જૈને કહ્યું કે, દેશ માટે આ ઘણો ખતરો ધરાવતી વાત છે. જો આ રીતનું મોડ્યૂલ એક એવા સ્ટેટમાં સ્થાપિત થઇ ગયું જયા ઘણા સમયથી આતંકી વિચારધારા, ભારત વિરોધી વિચારધારા ઘણા લાંબા સમય સુધી ચાલતી હતી તો આ દેશ માટે મોટો ખતરો સાબિત થઇ શકે છે.

NIAએ તાબિશ સહિત કુલ છ શંકાસ્પદ આતંકીઓ વિરૃદ્ઘ આરોપ પત્ર દાખલ કર્યો હતો. ચાર હજાર પાનાના આરોપ પત્રમાં મુંબઇ પાસે આવેલા થાણે જિલ્લાના પડઘા બોરીવલી ગામ વિશે ચોકાવનારો ખુલાસો કરવામાં આવ્યો છે. ગઈઅનો દાવો છે કે ધરપકડ કરવામાં આવેલો આરોપી પડઘા બોરીવલી ગામને મુલ્ક શામ એટલે કે ગ્રેટર સીરિયા માને છે. ત્યા ૯૫ ટકા મુસ્લિમ રહે છે અને સૌથી મોટી વાત એ છે કે કોઇ પણ વિવાદ થવા પર ત્યાના વૃદઘ ખુદ જ નિર્ણય કરે છે. આટલું જ નહીં, કોરોના કાળમાં પણ ત્યાની મસ્જિદ અને સ્કૂલ બંધ થયા નહતા. પડઘાની નાની મસ્જિદમાં મુસ્લિમ યુવકોને ISIS સાથે જોડવા માટે મીટિંગ પણ થતી થાણે જિલ્લાનું પડઘા બોરીવલી ગામ વર્ષોથી સુરક્ષા એજન્સીઓની રડાર પર છે, જેનું કારણ સાકિબ નાચન, જે મુંબઇમાં બોમ્બ વિસ્ફોટનો આરોપી પણ રહી ચુકયો છે. સાકિબ નાચનને તાજેતરમાં NIAએ ધરપકડ કરી છે.

NIAએ મહારાષ્ટ્ર ISIS મોડ્યૂલ કેસમાં તાબિશની સાથે છ આરોપી વિરૃદઘ આરોપ પત્ર દાખલ કર્યુ છે, તે વર્ષ ૨૦૧૫માં એક બીજાના સંપર્કમાં આવવાના શરૃ થયા હતા, તેના માટે તેમણે Unity of Muslim Ummah, Important અને Meem જેવા ગ્રુપ પણ બનાવ્યા હતા.

NIA અનુસાર તમામ આરોપી પૂણે અને આસપાસના જંગલ અને પહાડી વિસ્તારમાં આતંકી ટ્રેનિંગ પણ લઇ ચુકયા છે, તેમની પાસેથી મળેલા ફોન અને ગેઝેટમાંથી કેટલાક આપત્તિજનક ભાષણ અને આતંકી ટ્રેનિંગના વીડિયો પણ મળ્યા છે. NIA અનુસાર તાબિશ સિદ્દીકીએ સાથી આરોપીને ઉંઇંઢ કિટ પણ આપી હતી જેનો અર્થ છે Do It YourSelf એટલે કે લોન વુલ્ફ. તો શું ISISની તૈયારી દેશમાં લોન વુલ્ફ કરવાની છે?

# ફરી વિવાદઃ સાક્ષી મલિક, વિનેશ ફોગાટ અને પુનિયા વિરુદ્ધ યુવા પહેલવાનો મેદાનમાં

## જંતર-મંતર ખાતે સેંકડો યુવા પહેલવાનોએ એકઠા થઈને દિગ્ગજ પહેલવાનો વિરુદ્ધ નારા લગાવ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય કુસ્તી સંઘ અને પહેલવાનો વચ્ચે ચાલી રહેલા વિવાદે આજે નવો વળાંક લીધો છે. અત્યાર સુધી આંદોલન કરનારા અને પોતાનું સન્માન પરત કરનારા સાક્ષી મલિક, બજરંગ પુનિયા અને વિનેશ ફોગાટની વિરુદ્ધ જ વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયુ છે.

અનેક યુવા પહેલવાનોએ જંતર મંતર ખાતે ઓલિમ્પિક વિજેતા રેસલર સાક્ષી મલિક, વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. યુવા કુસ્તીબાજો ભારતમાં કુસ્તીના વિકાસમાં અવરોધ ઊભો કરવા બદલ ત્રણેય સામે કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

ભારતીય કુસ્તી સંઘ વિરુદ્ધ સતત પ્રદર્શન કરવાના કારણે આખું વર્ષ કુસ્તી




નથી થઈ શકી અને તેનો પ્રભાવ યુવા પહેલવાનો પર પડ્યો છે. તેમના આંદોલનના કારણે યુવા પહેલવાનોનું ભવિષ્ય બરબાદ થઈ રહ્યું છે. એટલા માટે સેંકડો યુવા પહેલવાનોએ દિલ્હીમાં એકઠા થઈને જંતર-મંતર પર સીનિયર પહેલવાનો સામે વિરોધ પ્રદર્શન ચાલુ કરી દીધું છે. આ દરમિયાન યુવા પહેલવાનો બજરંગ પુનિયા, સાક્ષી મલિક અને વિનેશ ફોગાટના નામના નારા લગાવતા નજર આવ્યા હતા. આ દરમિયાન આ તમામ લોકોના હાથમાં તેમના નામની પોસ્ટ પણ હતી અને તેના દ્વારા આ લોકો પોતાનો વિરોધ વ્યક્ત કરી રહ્યા હતા.

યુવા પહેલવાનોએ સીનિયર પહેલવાનો પર કુસ્તીને બરબાદ કરવાનો આરોપ લગાવ્યો છે. જંતર-મંતર ખાતે સેંકડો યુવા પહેલવાનોએ એકઠા થઈને દિગ્ગજ પહેલવાનો વિરુદ્ધ નારા લગાવ્યા છે. પ્રદર્શનકારીઓના હાથમાં બેનર પણ હતા જેમાં લખ્યું હતું કે, બજરંગ, વિનેશ અને સાક્ષીએ દેશમાં કુસ્તીની સ્થિતિ ખરાબ કરી નાખી છે.

થોડા દિવસો પહેલા મહિલા પહેલવાન વિનેશ ફોગાટને પીએમ ઓફિસ જતી વખતે અટકાવવામાં આવી હતી. તે PMOને અર્જુન એવોર્ડ પરત કરવા જઈ રહી હતી. આવી સ્થિતિમાં પહેલવાને કર્તવ્ય પથ ઉપર અર્જુન એવોર્ડ છોડી દીધો હતો. આ અગાઉ પહેલવાન બજરંગ પુનિયાએ પોતાનો પદ્મશ્રી એવોર્ડ પરત કર્યો હતો. ગત વર્ષે ડિસેમ્બર મહિનાની ૨૨મી તારીખે બજરંગ પુનિયાએ તેમનો પદ્મશ્રી એવોર્ડ પરત કર્યો હતો. તેણે પીએમ મોદીને પત્ર પણ લખ્યો હતો. સાક્ષી મલિકે નિવૃત્તિની જાહેરાત કર્યા બાદ બજરંગ પુનિયાએ તેમનો પદ્મશ્રી એવોર્ડ પરત કર્યો હતો.

# સનાતન જ એકમાત્ર ધર્મ છેઃ જોધપુરમાં જાહેરસભામાં યોગી આદિત્યનાથનું મોટુ નિવેદન

## સનાતન ધર્મ એક વિરાટ સ્વરૂપ છે જે તમામનો સમાવેશ કરે છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજસ્થાનના જોધપુરમાં એક જાહેરસભાને સંબોધી હતી. આ દરમિયાન તેમણે સનાતન ધર્મ અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, ધર્મ એક જ છે અને તે સનાતન ધર્મ છે. મુખ્યમંત્રી યોગીએ આજે પાલાસની ગામમાં મારવાડ રાજગુરુ મઠ સિદ્ધ ચિડિયાના' આસન પર બ્રહ્મલીન યોગી કૈલાશનાથ મહારાજની વર્ષગાંઠ સમારોહ તેમજ બે દિવસીય ભંડારા મહોત્સવમાં ભાગ લીધો હતો. જ્યાં તેમણે સભા સંબોધન કરતા કહ્યું કે, વિપરીત પરિસ્થિતિમાં પોતાની પરંપરા કેવી રીતે જાળવવી, તે જોવા વિશ્વભરના લોકો રાજસ્થાન આવે છે.

ઉત્તરપ્રદેશ ના મુખ્યમંત્રીએ કહ્યું કે, રસ્તાઓ અલગ હોઈ શકે છે, પરંતુ તમામ રસ્તા પડાવ સુધી પહોંચતા નથી, માત્ર આપણે યોગ્ય રસ્તો પસંદ કરવાની જરૂર છે અને તે રસ્તો આપણા સંતો અને યોગીઓએ ચિંધેલો રસ્તો છે. સનાતન ધર્મ એક વિરાટ સ્વરૂપ છે, જે તમામનો સમાવેશ કરે છે. આપણે



કેટલાક અવરોધો અને પડકારો આવ્યા હશે. જો આપણે તે અવરોધોનો સામનો નહીં કર્યો હોય તો તેમણે આપણને કેટલાક પડકારો આપ્યા હશે. પરંતુ જ્યારે આપણે એક થઈને નિકળ્યા, ત્યારે જીત મેળવવામાં વિલંબ થયો નથી. તેમણે કહ્યું કે, અયોધ્યામાં ભગવાન શ્રીરામના મંદિરની નિર્માણ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. ૨૨ જાન્યુઆરીએ ૫૦૦ વર્ષની રાહ જોયા બાદ પ્રભુરામ પોતાના ભવ્ય મંદિરમાં બિરાજમાન થશે, જેમાં તમામ ભારતવાસીઓ પ્રસન્ન છે.

બધાએ સનાતન ધર્મના મૂલ્યોનો આગ્રહ રાખવો જોઈએ. ધર્મ એક જ છે અને તે સનાતન ધર્મ છે. બાકીના પંથ અને સંપ્રદાય હોઈ શકે છે. સનાતન ધર્મએ તમામ દેશ, તમામ કાળ અને તમામ પરિસ્થિતિમાં ઝુક્યા વગર, હટ્યા વગર અડીખમ રહી પોતાને જીવંત રાખ્યું, તેથી જ દુનિયામાં ઘણા બધા લોકો આવ્યા અને જતા રહ્યા, પરંતુ સનાતમ ધર્મ સમ અને વિષમ પરિસ્થિતિઓનો સામનો કરી સતત આગળ વધી રહ્યો છે.

યોગીએ કહ્યું કે, તે કાળ દરમિયાન

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર **પટેલ પુર્વીબેન અમિતભાઈ** જાહેર કરું છુ કે મારૂ નામ **રાઠોડ પુર્વીબેન અમિત** માંથી બદલાવીને **પટેલ પુર્વીબેન અમિતભાઈ** કરેલ છે.અને હવેથી હું **પટેલ પુર્વીબેન અમિતભાઈ**ના નામથી ઓળખાઈશ.

**એડ્રેસ : ઉમિયા કૃપા, ૫-ગોવિંદરત્ન ગ્રીન સિટી, નવો ૮૦ ફટ રોડ, મવડી, રાજકોટ ૩૬૦૦૦૪**
**તારીખ : ૦૪-૦૧-૨૦૨૪**

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર **પટેલ અમિતભાઈ સોમાભાઈ** જાહેર કરું છું કે મારૂ નામ **રાઠોડ અમિત સોમાભાઈ**માંથી બદલાવીને **પટેલ અમિતભાઈ સોમાભાઈ** કરેલ છે.અને હવેથી હું **પટેલ અમિતભાઈ સોમાભાઈ** ના નામથી ઓળખાઈશ.

**એડ્રેસ : ઉમિયા કૃપા, ૫-ગોવિંદરત્ન ગ્રીન સિટી, નવો ૮૦ ફટ રોડ, મવડી, રાજકોટ ૩૬૦૦૦૪**
**તારીખ : ૦૪-૦૧-૨૦૨૪**

# છેલ્લા એક વર્ષમાં ભારતથી ઈરાનમાં થતી નિકાસમાં થયો ઘટાડો

## ૨૦૨૩માં જાન્યુઆરી-ઓક્ટોબર દરમિયાન ઈરાનમાં શિપમેન્ટ ૪૪ ટકા ઘટીને ૮૮૮ મિલિયન ડોલર થયોઃ ભારત અને ઈરાન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૧.૪ બિલિયન ડોલર પહોંચ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પશ્ચિમ એશિયાઈ દેશ ઈરાનમાં છેલ્લા એક વર્ષમાં ભારતથી થતી નિકાસમાં ઘટાડો થઈ રહ્યો છે. આ બાબતે નિષ્ણાતોનું કહેવું છે કે ભવિષ્યની સ્થિતિ પર નજર કરીએ તો ભારત માટે ઈરાનમાં નિકાસ વધારવી સંભવતઃ આસાન નથી, કારણ કે રશિયા-યુક્રેન યુદ્ધ અને ત્યારબાદ ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના સંઘર્ષ વચ્ચે પશ્ચિમ એશિયાઈ દેશો રશિયાને સમર્થન આપી રહ્યા છે.

ગયા વર્ષના નવેમ્બરથી ઈરાનમાં નિકાસ ઘટી રહી છે. ઈરાનમાં શિપમેન્ટ કેલેન્ડર વર્ષ ૨૦૨૩ દરમિયાન જાન્યુઆરી-ઓક્ટોબર દરમિયાન ૪૪ ટકા ઘટીને ૮૮૮ મિલિયન ડોલર થયું છે. આ ઘટાડો બાસમતી ચોખા, ઉચ્ચ ગુણવત્તાની ચા અને ખાંડ, તાજા ફળો અને બોનલેસ બોવાઇન મીટ જેવી અન્ય ખાદ્ય ચીજોની નિકાસમાં જોવા મળ્યો છે.

કેલેન્ડર વર્ષ ૨૦૨૩ના પ્રથમ ૧૦ મહિનામાં બાસમતી ચોખાની નિકાસ ૪૨ ટકા ઘટીને ૫૫૩ મિલિયન ડોલર થઈ છે. ભારતથી ઈરાનની કુલ નિકાસમાં સુગંધિત લાંબા ચોખાનો હિસ્સો લગભગ ૬૨ ટકા જેટલો છે તે જોતાં આ મોટો ઘટાડો છે. આ સિવાય ૨૦૨૩ના નાણાં



વર્ષમાં ભારતની કુલ ચોખાની નિકાસનો પાંચમો ભાગ ઈરાન મોકલવામાં આવ્યો હતો.

નિકાસકારોનું કહેવું છે કે આમાં મુખ્ય પડકાર રૂપિયાના ભંડારમાં ઘટાડો છે, કારણ કે ઈરાન પર અમેરિકાના પ્રતિબંધોને કારણે ભારતે ઈરાન પાસેથી તેલ ખરીદવાનું બંધ કરી દીધું છે. ઈરાન સાથે ભારતના વેપારમાં હવે મુખ્યત્વે એવી વસ્તુઓનો સમાવેશ થાય છે જેના પર પ્રતિબંધ નથી. આવી સ્થિતિમાં પશ્ચિમ એશિયાઈ દેશ ઈરાનની આયાત ક્ષમતા ઘટી ગઈ છે.

ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશને જણાવ્યું હતું કે અમારે એ જોવાની જરૂર છે કે દવાઓ, કૃષિ ઉત્પાદનો જેવી બિન-પ્રતિબંધિત વસ્તુઓ ઈરાનમાં કેવી રીતે નિકાસ કરી શકાય. ભારતે ઈરાન સાથે આ માલના વેપાર પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. જાન્યુઆરીથી ઓક્ટોબર દરમિયાન ભારત અને ઈરાન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૧.૪ બિલિયન ડોલર હતો, જેમાંથી નિકાસ ૮૮૮ મિલિયન ડોલરની હતી.

યુક્રેન સામે શરૂ કરેલા યુદ્ધમાં રશિયાને આર્થિક ફટકો આપવા માટે અમેરિકા સહિતના પશ્ચિમી દેશોએ કડક પ્રતિબંધોની સાથે ક્રૂડ વેચાણ પર નિયંત્રણો લાદ્યા હતા. જોકે રશિયા પર લાદવામાં આવેલા આ પ્રતિબંધોનો ભારત અને ચીન સહિતના દેશોએ પોતાપોતાની રીતે જરૂરી ફાયદો ઉઠાવ્યો છે અને સસ્તા દરે રશિયા પાસેથી ક્રૂડ ખરીદ્યું છે. જોકે હવે ૨૦૨૪ની શરૂઆતથી જ આક્રમક લડાઈ આપવા માટે રશિયા સહિતના દેશો નવી ક્રૂડ પોલિસી લાગુ કરવા જઈ રહ્યાં છે.

રશિયાના સીફૂડ વેપાર અંગે યુએસ પ્રમુખ બિડેન દ્વારા હસ્તાક્ષર કરાયેલ તાજેતરનો એક્ઝિક્યુટિવ ઓર્ડર પણ મહત્વનો છે. ભારતના મત અનુસાર બાઈડનનો આદેશ રશિયા માટે ભારત, ચીન અને અન્ય એશિયન બજારોને માત્ર ક્રૂડ તેલ જ નહીં પરંતુ અન્ય ઉત્પાદનો વેચવાનું મુશ્કેલ બનાવવાની પેટર્નનો ભાગ છે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
(મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)

**અવિરત વિશ્વાસનો અપ્રતિમ પ્રતિસાદ**

**બેંકની ડીપોઝીટ**

**₹ ૬૦૦૦ કરોડને પાર**

**પ્રત્યેક નાગરિકજનનો હૃદયપૂર્વક આભાર...**

**સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી**

વિનોદ કુમાર શર્મા, સીઈઓ
જીમ્મી દક્ષિણી, કાર્યકારી ચેરમેન

સહકારથી સમૃદ્ધિ — નાના માણસની મોટી બેંક

# જામનગરમાં કનસુમરા પાસે પતિના હાથે પત્નિની ઘાતકી હત્યા

## પત્નિની ઘાતકી હત્યા કરી પતિએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક કનસુમરાગામ નજીક શિવ મેટલ એલોયની સામેના પ્લોટમા ઝૂંપડપટ્ટીમાં.પતિ પત્ની વચ્ચે જયારે ત્રીજા પાત્રની એન્ટ્રી થાય અથવા એવી શંકા થાય તો તેના પરિણામો વિપરીત જ હોય છે , જામનગરમાં પણ આવી એક ઘટના ઝૂંપડપટ્ટીમાં વસતા પરિવારમાં સામે આવી છે જેમાં પતિને પોતાની પત્નીને વતનમાં અન્ય કોઈ સાથે આડા સબંધો છે તેવી આશંકાએ પોતાની પત્નીને મોડીરાતે મોતને ઘાટ ઉતારી પોતે પણ ગળેફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધાનું જાહેર થયું છે.જામનગર નજીક કનસુમરાગામ નજીક શિવ મેટલ એલોયની સામેના પ્લોટમા ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતા નેવાભાઇ કલાભાઇ ખરાડી ઉ.વ.૪૮ અને મરણજનાર મહિલા પતિ પત્નિ હોય અને નેવાભાઈને તેમની પત્નિ તેમના વતનમા કોઇ પુરૂષ સાથે આડા સબંધ રાખેલ છે તેમ શંકા - કુશંકા કરતો હોય જે બાબતે અવાર નવાર બન્ને વચ્ચે ઝઘડો તકરાર થતા રહેતા હતા તે દરમ્યાન મૃતક આરોપી નેવાએ આ બાબતનુ





મનમા રાખી આ તેમની પત્નીને માથાના ભાગે લાકડાના હાથાવાળા લોખંડના કુહાડાથી જીવલેણ હુમલો કરી માથામા અલગ અલગ જગ્યાએ ચાર ઘા મારી પત્નીને માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોચતા તેણીનું મોત થયું હતું , પત્નીનું મોત નિપજાવી ત્યાથી નાશી જઇ થોડે દુર જઇ ઇલેકટ્રીકના થાંભલામા ખાટલો ભરવાની સુતરની પટ્ટી વડે ટીંગાય જઇ ગળાફાસો ખાઇ પોતે પણ આત્મહત્યા કરી લીધાની ઘટના બાદ પંચકોશી બી ડીવીઝન પોલીસે મૃતક પતિ વિરુદ્ધ હત્યાનો ગુન્હો નોંધી બને મૃતદેહોના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહીઓ શરુ કરી છે

# ધ્રોલ નજીક સગાળીયા સીમમાં દારૂ-બીયર ભરેલી કાર પકડાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલ પોલીસે સગાળીયા ગામની સીમમાં કેનાલ પાસેથી એક ઇકો ગાડી માંથી ૪.૫૦ લાખની કિંમતના ૧૧૦૪ બોટલ અંગ્રેજી દારુ અને ૨૮,૮૦૦/- ની કિમતના ૨૮૮ બીયરના ટીન પકડી પાડ્યા હતા. અંગ્રેજી દારુ સહિત ૨.૫૦ લાખની ઇકો કાર સહિત સાત લાખ અઠ્યાવીસ હજાર આઠસોનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. જયારે આરોપીઓ ઇકો કાર મુકીને નાશી ગયા હતા.ફરાર આરોપીઓને ઝડપી પાડવા પોલીસે સઘન તપાસ હાથ ધરી છે. ધ્રોલના પી.એસ.આઇ. પી. જી. પનારા તથા સ્ટાફના હેડ કોન્સ ધર્મેન્દ્રભાઇ વઘોરા, હેડ કોન્સ. કલ્પેશભાઇ કામરીયા, વનરાજભાઇ ગડાધરા, કિશોરભાઇ ડાભી, રવિરાજસિહ, જયેશભાઇ પઢેરીયા,





જગદીશભાઇ જોગરાણા, હિતષભાઇ સંતોકી સહિતનો સ્ટાફ નાઇટ પેટ્રોલીંગ કરી રહ્યો હતો.જે વેળાએ પોલીસ ટીમને વહેલી સવારે સગાળીયા ગામે કેનાલ પાસે ખરાબાની જગ્યામાં સફેદ કલરની ઇકો ગાડી માંથી દારુનું કટીંગ થતું હોવાની બાતમી ચાલતુ હોવાની બાતમી મળી હતી જે બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જે વેળાએ પોલીસને સગાળીયા ગામે ખરાબામાં કેનાલ પાસે એક સફેદ કલરની ઇકો ગાડી નં. જીજે ૦૩ એલબી ૩૦૩૨ નંબરની ઇકો ગાડી માંથી ભારતીય બનાવટનો ૧૧૦૪ બોટલ કિં. રુ. ૪ લાખ ૪.૫૦ લાખનો અંગ્રેજી દારુ મળી આવ્યો હતો.આ ઉપરાંત ૨૮૮ ટીન બીયરના કિ.રુ.૨૮,૮૦૦ પણ મળી આવ્યા હતા આથી પોલીસે દારૂ-બીયરના માતબર જથ્થા ઉપરાંત અઢી લાખની કિંમતની ઇકો કાર પણ કબજે લીકી હતી. જયારે ઇકો કારના ચાલક સહિતનાં આરોપીઓ નાશી ગયા હતા. આથીપોલીસે કુલ ૧૩૯૨ બોટલ અંગ્રેજી દારુ, એક ઇકો કાર સહિત ૭,૨૮,૮૦૦નો મુદ્દામાલ કબજે કરી વાહન ચાલક સહિતના સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો અને ફરાર આરોપીઓની શોધખોળ માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.વાહનમાંથી લર્નિગ લાયસન્સ મળ્યું આ દરોડા દરમિયાન આરોપીઓ પોલીસને હાથ લાગ્યા ન હતા.જયારે ગાડીની તલાશી લેતા તેમાંથી એક લર્નિંગ લાયસન્સ મળી આવ્યુ હતુ.જેમાં નામ અને એડ્રેસ રાજકોટના હોવાનુ જાણવા મળ્યુ છે.આથી પોલીસે તપાસનો દૌર રાજકોટ ભણી લંબાવ્યો છે.

# રાજુલા અને જાફરાબાદના વિસ્તારોમાં આગામી તા.૨ ફેબ્રુઆરી સુધી મતદાર જાગૃતિ રથ ફરશે

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ઇવીએમ તેમજ વીવીપેટ નિદર્શન અને મતદાર જાગૃત્તિ અર્થે રથ ફેરવવામાં આવશે ૯૮-રાજુલા જાફરાબાદ વિધાનસભા મતદાર વિભાગના વિવિધ વિસ્તારોમાં તા.૨ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી આ રથ ફરશે જાન્યુઆરી-૨૦૨૪ દરમિયાન સવારે ૧૦.૩૦ વાગ્યાથી આ રથ ઇવીએમ અને વીવીપેટ નિદર્શન અને મતદાર જાગૃત્તિ અર્થે કામગીરી કરશે.તા.૪ થી ચારોડીયા,બર્બટાણા,ખેરાળી મોટી,બાબરીયાધાર,અમુલી, નવાગામ,તેમજ તા.૫મીએ વડલી,ઝાંઝરડા,કુંડલીયાળા, રીંગણીયાળા મોટા,અને તા.૬ઠીએ માંડળ,છાપરી,ડોળીયા,મસુંદડા નાના-મોટા,બાલાપર,તેમજ તા.૮મીએ હડમતીયા,ઉંટીયા-ગાંજાવદર, રાજપરડા,



ડુંગર, તા.૯મીએ વિસળીયા, સમઢીયાળા-૧,ખેરા, ચાંચ,અને તા.૧૦મીએ વિકટર, મજાદર, કથીવદર, કથીવદર પરા,દાતરડી,રાભડા, સાંજણાવાવ,નેસડી-૧,તેમજ તા.૧૧મીએ ખાંભલીયા, દેવકા, કુંભારીયા, ઝીંઝકા,ડુંગરપરડા,મોભીયાણા નાના-મોટા,મોરંગી,અને તા.૧૨મીએ વડ,ભચાદર,ઉચૈયા,ભેરાઇ, રામપરા-૨,કોવાયા,તા.૧૫મીએ હિંડોરણા,છતડીયા,કડીયાળી, નિંગાળા-૧,પીપાવાવ,જોલાપર ખાતે રથ ફરશે અને તા.૧૬મીએ ઘુડીયા આગરીયા,(સમૂહ ખેતી) વાવડી,નવા આગરીયા,મોટા આગરીયા,ભાક્ષી-૧,૨,૩,તેમજ તા.૧૭મીએ માંડરડી નવી-જૂની,ઝાંપોદર,કોટડી,કાતર ચોત્રા,ખાખબાઇ,બારપટોળી, તા.૧૮મીએ બોરાળા-૧,બોરાળા-૨, બાબરપુર, ચક્રાવા, ચક્રાવાપરા, હનુમાનપુર, તાલડા-૧, તાલડા-૨, દડલી,જૂના માલકનેશ,નવા માલકનેશ-૧,નવા માલકનેશ-૨, તા.૧૯મીએ કંટાળા,ધુંધવાણા, પચપચીયા, આંબલીયાળા, રબારિકા, પીપરીયા, સાળવા, જામકા-૧,જામકા-૨, જામકા-૩ તા.૨૦મીએ ડેડાણ-૧, ડેડાણ-૨, ડેડાણ-૩,ડેડાણ-૪,ડેડાણ-૫, કાતરપરા,જીવાપર, સમઢીયાળા-૨ નેસડી-૨, રાણીંગપરા,મુંજીયાસર-૧, મુંજીયાસર-૨,તા.૨૨મીએ ત્રાકુડા-૧,ત્રાકુડા-૨, ગોરાણા, મોટા બારમણ-૧,મોટા બારમણ-૨,મોટા બારમણ-૩, નાના બારમણ,ભુંડણી, નિંગાળા-૨,વાંગધ્રા,તા.૨૩મીએ વડલી,કેરાળા,ધારાબંદર, રોહિસા, ચિત્રાસર,બલાણા ખાતે રથ ફરશે. તા.૨૪મીએ કડીયાળી,વઢેરા, ધોળાદ્રી વગેરે લાભ મેળવવા રાજુલા જાફરાબાદ મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીએ જણાવ્યું છે

# જામનગરના માનસિક અસ્વસ્થ દર્દીઓ માટે ટ્રેકિંગ કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વન વિભાગ દ્વારા નાયબ વન સંરક્ષક આર. ધનપાલના માર્ગદર્શન હેઠળ માનસિક આરોગ્યની હોસ્પિટલ જામનગરના દર્દીઓ માટેનો દાંતા વીડી વિસ્તારનો ટ્રેકિંગ કેમ્પ યોજાયો હતો.જેમાં માનસિક આરોગ્ય અંગેની સારવાર લઈ રહેલા ૫૦ જેટલાં સભ્યોને પ્રકૃતિના દર્શન કરાવવાની સાથે વન અને પર્યાવરણ તથા વન વિભાગને લગતી અનેક રસપ્રદ વિગતોથી માહિતગાર કરાયા હતા. આ કેમ્પમાં ટ્રેકિંગ કેમ્પની





સાથે સાથે સંસ્કૃતિક કાર્યક્રમ અને વન ભોજન સહિતના આયોજનો પણ વન વિભાગ દ્વારા કરવામાં આવ્યા હતાં. દર્દીઓને અલગ વાતાવરણ મળી રહે તેમજ તેઓને માનસિક શાંતિનો અનુભવ થાય તે પ્રકારની ફોરેસ્ટ હીલિંગ થેરાપી આપવાનો અનેરો પ્રયાસ આ કેમ્પના માધ્યમથી હાથ ધરાયો હતો. આ કેમ્પમાં આર.એફ.ઓ. એમ. ડી.બડીયાવદરા વન વિભાગ તથા હોસ્પિટલનો સ્ટાફ વગેરેએ જોડાયા હતાં.

# મોરબી ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા કોલ્ડવેવથી બચવા અંગે વી.સી. હાઈસ્કુલ ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા વી. સી. ટેક્નિકલ હાઈસ્કૂલ ખાતે ઉત્તરાયણ અને કોલ્ડવેવથી બચવા અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉત્તરાયણના દિવસની દરેક લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા હોય છે કે ક્યારે પતંગ ચગાવવા મળે? ત્યારે આ પતંગોત્સવ દરમિયાન મજાની સાથે સજા ન મળે તે માટે ખાસ તકેદારી રાખવી જરૂરી છે. પતંગ ચગાવતી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું તે જાણવું જરૂરી છે. જેમ કે, ક્યારેય પતંગ પકડવા એક ધાબેથી બીજા ધાબે કૂદવું ના જોઈએ, રસ્તા પર દોડધામ ન કરવી જોઈએ વગેરે. આ તમામ પરિસ્થિતિઓમાં અકસ્માત થવાની સંભાવના રહેલી છે, સૌથી મહત્વની વાત એ છે કે, અબોલ પક્ષીઓનું ખાસ



ધ્યાન રાખવું જોઈએ. ઉત્તરાયણના તહેવારના બે દિવસમાં કેટલાય પક્ષીઓ દર વર્ષે ઘાયલ થાય છે. માટે ચાઇનીઝ દોરીનો ઉપયોગ ન કરવો જોઈએ અને સવાર સાંજ પક્ષીઓના આવવાના અને જવાના સમયે પતંગ ન ઉડાડવી જોઇએ. જેથી તેઓ સુરક્ષિત રહે અને તેમને નુકસાન ન પહોંચે. સાથે જ આ ઠંડીની ઋતુમાં શિયાળાના ઋતુમાં ઠંડી (કોલ્ડવેવ) થી બચવા ગરમ કપડાં તેમજ સ્વેટર, મફલર, ગરમ ટોપીનો ઉપયોગ કરવો, વધુ ઠંડી હોય ત્યારે મોટી ઉંમરના વૃધ્ધ, બિમાર વ્યકિતઓ, નાના બાળકો અને સગર્ભા મહીલાઓએ શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહેવું તથા ઠંડીથી બચવા વિશેષ ધ્યાન રાખવું.

આ બાબતો અંગે લોકોને જાગૃત કરવા માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, મોરબી દ્વારા મોરબીમાં વી.સી. ટેક્નિકલ હાઈસ્કૂલ ખાતે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સાથે જ, આગ લાગે ત્યારે શું કરવું અને શું ન કરવું અને ફાયર એકસ્ટીન્ગ્યુશરનો ઉપયોગ, ૧૦૮ ઇમર્જન્સી સેવાના ઉપયોગ અને પતંગ ચગાવતી વખતે આટલી વાતો અચૂક યાદ રાખવી અને કોલ્ડવેવથી બચવા શું કરી શકાય વગેરે મુદ્દાઓ અંગે મોરબીની વી. સી. ટેક્નિકલ હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમમાં મોરબીના ચીફ ફાયર ઓફિસરશ્રી દેવેંદ્રસિંહ જાડેજા, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના કન્સલ્ટન્ટશ્રી ડો. ધાર્મિક પુરોહિત, ડી.પી.ઓ. કોમલ મહેરા અને ૧૦૮ ની ટીમ ઉપસ્થિત રહી હતી.

# મોરબીમાં સિરામિક કારખાનેદારો માટે ઔદ્યોગિક સલામતી સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સિરામિક એસોસિએશનના હોલમાં કારખાનેદારો સાથે ઔદ્યોગિક સલામતી વિશેનો સેમિનાર મોરબી જિલ્લા કલેકટરશ્રી જી.ટી.પંડ્યા સાહેબના માર્ગદર્શન હેઠળ તથા નાયબ નિયામક શ્રી ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, મોરબી શ્રી યુ.જે.રાવલની અધ્યક્ષતામાં ઉદ્યોગોમાં અકસ્માતનું પ્રમાણ ઘટે તથા સુરક્ષિત વાતાવરણમાં શ્રમિકો કામગીરી કરી શકે તે અંગેની સમજૂતી આપવામાં આવેલ હતી.

આ ઉપરાંત મોટાભાગના સિરામિક ઉદ્યોગોમાં થતા સિલિકોસીસ નામના



વ્યવસાયજન્ય રોગ માટે શ્રમયોગીનું મેડિકલ તપાસ ફોર્મ નંબર ૩૨ મુજબ તથા નવા જોડાતા શ્રમયોગી માટે ફિટનેસ સર્ટિફિકેટ ફોર્મ નંબર ૩૩ મુજબ કરાવવું જરૂરી છે તથા એલપીજી ગેસનો વપરાશ થતો હોય તેના હેન્ડલિંગ સંબંધિત તથા સ્ટોરેજમાં સલામતીના શું પગલાં લેવા જરૂરી છે તે અંગેની સમજ કારખાના ધારા,૧૯૪૮ અંતર્ગત આપવામાં આવેલ હતી આ કાર્યક્રમમાં મોરબી જિલ્લાના વિવિધ ઉદ્યોગકારો તથા મોરબી સિરામિક ઇન્ડસ્ટ્રીલ એસોસિયનના વિવિધ પ્રમુખશ્રીઓ વિનોદભાઈ ભાણજા, હરેશભાઈ બોપલિયા, વિપુલભાઈ તથા ડીજી પંચમિયા રિટાયર્ડ નાયબ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય હાજર રહેલ તેમજ ડોક્ટર જીગ્નેશ ઝાલાવાડીયા, સર્ટિફાઇંગ સર્જન, સૌરાષ્ટ્ર કચ્છ રિજીયન મદદનીશ નિયામકશ્રી આર.જી.ચૌધરી તથા તથા ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી શ્રી પી.એમ. કલસરિયા વગેરે હાજર રહીને પ્રોગ્રામને સફળ બનાવેલ હતો.

# જીવેલણ કેન્સર રોગની આયુષ્માન કાર્ડ દ્વારા સારવાર મેળવી સંપૂર્ણ તંદુરસ્તી મેળવતા વનિતાબેન સાણંદિયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના બિલિયા ગામના કેન્સરના દર્દી વનિતાબેનએ થોડા સમય પહેલા મોરબીની આયુષ હોસ્પિટલમાં ચેકઅપ કરાવતા શરીરમાં કેન્સર હોવાની જાણ થઈ હતી. કેન્સરનું નામ સાંભળતા જ પોતે અને પરિવારજનોમાં ચિંતાનું વાતાવરણ સર્જાઈ ગયું હતું. પરંતુ વનિતાબેને મન મક્કમ રાખી કેન્સરને નાબૂદ કરવા જે કાઈ કરવું પડે તે કરવા માટેની તૈયારી બતાવી હતી. પોતાની પાસે પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ હોવાથી રાજકોટમાં નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમાં સંપર્ક કરી સારવાર અંગે ડોકટરો પાસેથી માહિતી મેળવી હતી.



સારવાર અંગે વનિતાબેને વધુમાં જણાવ્યું હતું કે મારા કેન્સર રોગની સારવાર કરાવવા રિપોર્ટ, ઓપરેશન, કીમોથેરેપીના છ ડોઝ સહિત બધું મને ફીમાં રાજકોટની નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમાંથી પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ હોવાને લીધે મળી ગયું હતું અને આજે મે જીવલેણ કેન્સર રોગ સામે સંપૂર્ણ તંદુરસ્તી મેળવી લીધી છે.

આ પહેલા મને સારણગાંઠ થયેલી તેની સારવાર પણ મે મોરબીની આયુષ હોસ્પિટલમાં લીધી હતી. ત્યાં પણ મને ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ મુખ્યમંત્રી અમૃતમ 'માં' કાર્ડ થકી સારવાર તદન મફતમાં મળી ગઈ હતી. આ માટે હું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માનું છું. આ સિવાય મારા ગામમાં હું સખી મંડળમાં પણ સભ્ય હોય તેની પણ રાજ્ય સરકારની યોજનાઓનો લાભ મને અને મારા જેવી અનેક મહિલાઓને મળી રહ્યો છે.

હાલમાં સમગ્ર મોરબી જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઇ રહી છે. જે અંતર્ગત મોરબી તાલુકાના બિલિયા ગામે આ યાત્રાનું આગમન થયું હતું અને ઘર આંગણે જ લાભાર્થીઓને તેમના લાભો મળી રહે તેવું આયોજન કરાયું છે ત્યારે અહીં યોજાયેલ કાર્યક્રમમાં મેરી કહાની મેરી જુબાની અંતર્ગત પ્રતિભાવો આપતા જણાવ્યું હતું કે કેન્સર જેવા જીવેલણ રોગમાં સારવાર મેળવવા માટે લાખો રૂપિયાની જરૂરીયાત પડતી હોય છે. આ બદલ આર્થિક સહાય પૂરી પાડવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરતા લાભાર્થીએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ અમારા જેવા મધ્યમ પરિવારોને આવશ્યક યોજનાઓનો લાભ આપી વિશ્વના લોકપ્રિય નેતા બન્યા છે.

વડાપ્રધાન દેશની જનતા માટે સતત મહેનત કરી જરૂરિયાતમંદ લોકો માટે યોજનાઓ અમલી બનાવી રહ્યા છે તો આપણા ઘરના આંગણે જ યોજનાઓની ગંગા વહી રહી છે તો કોઈ પણ નાગરિકે પુણ્ય કમાવવાનો મોકો ચૂકવો જોઈએ નહી. એમ કહી લોકોને વધુમાં વધુ યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

# મોરબીમાં દારૂના ગુન્હામાં વોન્ટેડ કુખ્યાત બુટલેગરને દબોચી લેતી મોરબી ક્રાઈમ બ્રાંચ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચ ટીમે પૂર્વ બાતમીને આધારે એ ડિવી. પો.સ્ટે.ના પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા કુખ્યાત બુટલેગરને રવાપર-ઘુનડા રોડ ઉપરથી ઝડપી લઇ હસ્તગત કરી આગળની કાર્યવાહી અર્થે એ ડિવિઝન પોલીસ મથકમાં સોંપવા તજવીજ હાથ ધરી હતી.

મોરબી ક્રાઇમ બ્રાંચ/પેરોલ ફર્લો સ્કવોડ ટીમને ખાનગીરાહે હકિકત મળેલ કે, મોરબી સિટી એ ડિવી. પો.સ્ટે.ના પ્રોહી.ના ગુન્હાનો નાસતો ફરતો આરોપી



સીદીકભાઇ ઇસ્માઇલભાઇ ચાનીયા રવાપર-ઘુનડા રોડ ઇમાનપીરની દરગાહ પાસે હોવાની હકીકત આધારે એલ.સી.બી./પેરોલ ફર્લો સ્ટાફ સાથે હકિકત મુજબની જગ્યાએ તપાસ કરતા આરોપી સીદીકભાઇ ઇસ્માઇલભાઇ હોથીભાઇ ચાનીયા ઉવ.૫૩ રહે. મોરબી વાઘપરા શેરી નં-૧૨વાળો મળી આવતા તેને હસ્તગત કરી ઉપરોકત ગુનાના કામે અટક કરી આગળની કાર્યવાહી અર્થે મોરબી સિટી એ ડિવી. પો.સ્ટે.ને સોપવા કાર્યવાહી હાથ ધરેલ હતી.

# મેટોડામાં ત્યકતા પર દુષ્કર્મ કરનાર આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર

## લગ્નની લાલચ આપી શખ્સે અનેકવાર મહિલાને હવસનો શિકાર બનાવી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેશોદ પંથકની ત્યક્તાને મેટોડા જીઆઇડી વિસ્તારમાં રહેતો જય ભરત સંતોકી નામના શખ્સે પ્રેમ જાળમાં ફસાવી બંનેએ જલ વિધિ કરી હતી. આરોપીએ લગ્નની લાલચ આપીને ભોગ બનનાર સાથે તેણીની ઇરછા વિરુદઘ શારીરિક સબંધ બાંધેલ હતો, આરોપી જય સંતોકીએ ભોગ બનનાર સાથે તેણીની ઇરછા વિરુદ્ધ અનેક વખત અવાર-નવાર અલગ અલગ જગ્યાએ લઈ જઈને શારીરિક સબંધ બાંધેલા હતો. મેટોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ ઘરપકડથી બચવા સેશન્સ કોર્ટ ગોંડલ ખાતે આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. બાદ આગોતરા જામીન અરજીમાં મુળ ફરીયાદીના એડવોકેટ ડેનીશ વિરાણીએ કરેલી ધારદાર દલીલો, સરકાર પક્ષે રોકાયેલ સરકારી વકીલ દ્વારા થયેલી દલીલો અને ઉચ્ચ ન્યાયાલયના ચુકાદાઓને ધ્યાને લઈને ગુનાની ગંભીરતા લઇ ગોડલના એડી. સેશન્સ કોર્ટના જજ એમ.એ.ભટ્ટી આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર કરતો હુકમ કરેલો છે. સદર જામીન અરજીના કામે મુળ ફરીયાદી તરફે : રાજકોટના યુવા ધારાશાસ્ત્રી અલ્પેશ વી. પોકીયા, ડેનીશ એ. વિરાણી, જય પીઠવા, અમીત ગડારા તથા સરકાર તરફે ઘનશ્યામ ડોબરીયા રોકાયેલા હતા.

# ગુજરાતની જનતાને રૂ.૪૫૦માં ગેસ સિલિન્ડર તથા દરેક મહિલાને ત્રણ હજાર સન્માન રાશી આપો: મોરબી આમ આદમી પાર્ટી દ્વારા કરાઈ માંગ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોંઘવારી સામે રાહત આપવા અને રાજસ્થાનમાં જે રીતે ગેસ સિલિન્ડર સસ્તા આપવામાં આવે છે તેવી રીતે ગુજરાતમાં પણ આપવામાં આવે તેમજ મહિલાઓને રૂપિયા ત્રણ હજારની સન્માન રાશિ મળે તેવી માંગ સાથે મોરબી જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા મોરબીમાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું.તેમજ પ્લેકાર્ડમાં લખવામાં આવ્યું હતું કે "હંસાબેન ભરતભાઈ પરમાર માંગે છે ૪૫૦ રૂપિયાનો બાટલો" આવા વિવિધ પ્લે કાર્ડ સાથે દેખાવ કરાયો હતો.

આ બાબતે આમ આદમી પાર્ટી દ્વારા



જણાવવામાં આવ્યું હતું કે ભાજપ દ્વારા અન્ય રાજ્યોમાં મત મેળવવા માટે રાહતો આપી છે જેમાં રાજસ્થાનમાં ગેસ સિલિન્ડર ૪૫૦ રૂપિયામાં મળે છે અને ગુજરાતમાં ૧૧૦૦ રૂપિયામાં મળે છે તેમજ અન્ય રાજ્યમાં સ્ત્રીઓને સન્માન રાશિ આપવાની જાહેરાત કરી છે ત્યારે ગુજરાત રાજ્યને આવા લાભો કેમ નથી આપવામાં આવ્યા ??છેલ્લા ૩૦ વર્ષથી ભાજપને ખોબલે ને ખોબલે મત આપતી ગુજરાતની જનતાનો શું વાંક છે કે ગુજરાતના લોકોને લુંટવામાં આવી રહ્યા છે ? તેવા પ્રશ્ન સાથે આમ આદમી પાર્ટીએ વિરોધ કર્યો હતો જો કે વિરોધ પ્રદર્શનમાં જૂજ મહિલા તેમજ અન્ય હોદ્દેદારોની હાજરી રહી હતી ગુજરાતની જનતાને ૪૫૦/- માં ગેસ સિલેન્ડર આપો અને દરેક મહિલાઓને ૩૦૦૦/- સન્માન રાશી આપોની માંગ સાથે જાહેર માર્ગ પર પ્રદર્શન કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું.તેમજ હંસાબેન ભરતભાઈ પરમાર નામની જે મહિલાના વિડિયો વાયરલ થઈ રહ્યા છે તે નામે પણ પ્લે કાર્ડ બનાવી ને વિરોધ નોંધાવ્યો હતો.

# મહિલા કોલેજ ચોક પાસે યુવાનને સસ્તા ભાવે સોનાના બિસ્કીટ આપવાની લાલચ આપી રૂ.૬ લાખની ઠગાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાઠે માર્કેટ યાર્ડ પાછળ મનસા નગરમાં રહેતા ભરવાડ યુવાનને સસ્તામાં સોનાના બિસ્કીટ આપવાની લાલચ આપી ત્રણ શખ્સોએ રૂ.૬ લાખની ઠગાઈ કરતા એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ માર્કેટ યાર્ડ પાછળ મનસા નગરમાં રહેતો અને ચા ની હોટલ ચલાવતો મૈયાભાઈ ઉર્ફે લખો દેવાભાઈ ગમારા નામના યુવાને એ ડિવિઝન પોલીસમાં સ્ટરલીંગ હોસ્પિટલ પાછળ રહેતો મુનાફ તથા આશિફ અને એક અજાણ્યા શખ્સ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે યુવાનના લગ્ન હોઈ અને પોતાને સોનાની ખરીદી કરવાની હોય ત્યારે મુનાફ તથા આશિફે સસ્તા ભાવે સોનાના બિસ્કીટ આપવાની લાલચ આપી રીક્ષામાં બેસાડી મહિલા કોલેજ ચોક પાસે આલાભાઈના ભઠ્ઠા પાસે ચાની હોટલે બોલાવી રૂ.૬ લાખ લઈ ગયા બાદ સોનાના બિસ્કીટ નહીં આપી છેતરપિંડી કરી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ જી.એન.વાઘેલાએ ગુનો નોંધી ઘરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# સૌરાષ્ટ્રના ઉદ્યોગ સાહસિકોને વિશ્વસ્તરનું પ્લેટફોર્મ આપવા જીપીબીએસ એક્સ્પો-૨૦૨૪નો ૭મીથી પ્રારંભ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ખાતે આગામી જાન્યુઆરીની ૭,૮,૯,૧૦ તારીખે સરદારધામ દ્વારા યોજાનાર ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટિમાં માત્ર દેશના જ નહીં પરંતુ વિદેશના પણ સર્વે સમાજના ઉદ્યોગપતિઓ અને વેપારીઓ ભાગ લેશે. આ બિઝનેશ સમિટમાં દેશ-વિદેશની ૧૦૦૦થી વધુ બ્રાન્ડના સ્ટોલનું બુકિંગ કરવામાં આવ્યું છે. આ આંતરાષ્ટ્રીય કક્ષાની કક્ષાની ઈવેન્ટમાં કેનેડા, યુ.એ.ઈ., થાઈલેન્ડ, વિયેતનામ, ઓમાન, યુ.કે., મેક્સિકો, સાઉથ આફ્રિકા, પોલેન્ડ, કતાર, સેનેગલ, કેન્યા, રોમાનિયા, યુગાન્ડા, ઓસ્ટ્રેલિયા, તાન્ઝાનિયા, ફિલિપાઈન્સ, કોન્ગો, જર્મની, ઈજીપ્ત, બહેરીન, ઝમ્બીયા, બ્રાઝીલ, ઘાના, ઈન્ડોનેશિયા, યમન, તર્કી, નેપાળ, બેલ્જીયમ, શ્રીલંકા, જોર્ડન, ઝમ્બીયા, બ્રાઝિલ, ઘાના, ઈન્ડોનેશિયા, યમન, તુર્કી, નેપાળ, બેલ્જીયમ, શ્રીલંકા, જોર્ડન, કુવૈત, નેધરલેન્ડ, બાંગ્લાદેશ સહિતના દેશોના ઉદ્યોગકારો મુલાકાતે આવનાર છે.

આ અંગે માહિતી આપતા જીપીબીએસ પ્રમુખ હંસરાજભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટી-જી.પી.બી.એસ.-દેર કા એક્સ્પો ૧ લાખ ચોરસ મીટર જગ્યામાં ૧૩ અત્યાધુનિક પેવેલિયનમાં ૧૧૦૦ જેટલા અલગ અલગ કેટેગરીના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. આ સ્ટોલ કૃષિ, ડેરી, વાણિજ્ય, રિયલ એસ્ટેટ, જ્વેલરી, સિરામિક, આર્કિટેક્ટ, ફુડ એન્ડ બેવરેજીસ, ફાર્માસ્યુટિકલ, એન્જિનિયરીંગ, રબર, ડાયમંડ, ટેક્ષટાઈલ, આઈટી-ટેકનોલોજી સહિતના ક્ષેત્ર આધારિત હશે. વળી, અહીં પોતપોતાના ક્ષેત્રોમાં મહારથ હાંસલ કરેલા દેશ-વિદેશના ટોચના બિઝનેસમેન અને મોટીવેશન સ્પીકર્સ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપી શકે તેવી ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે. ગ્લોબલ પાટીદાર બિઝનેશ સમિટની વિવિધ ઈવેન્ટસ માટે ૫૦૦૦ ચોરસ મીટરનો ખાસ એરકંડીશન હોલ પણ તૈયાર કરવામાં આવ્યો છે. આમ વિદ્યાર્થીઓ અને યુવાનો માટે આ બિઝનેસ સમિટ અનેક રીતે ઉપયોગી બની રહેશે, તેમને અહીં અનેકગણું માર્ગદર્શન મળી રહેશે.

સરદાર ધામ દ્વારા આયોજીત એક્સ્પોને વીજ પુરવઠો પાડવા માટે પી.જી.વી.સી.એલ.કંપની દ્વારા કોન્ટ્રાકટર અને લાઈન સ્ટાફ અને કુલ ૪૦૦ કર્મચારીઓના મેન પાવર નો ઉપયોગ કરી ૧૫ દિવસના ટૂંકા ગાળામાં એક્સપોને વીજ પુરવઠો પૂરો પાડવા માટે ૧૧ કે.વી.નું અલાયદુ ફીડર ઉભું કરવામાં આવ્યું છે. કુલ ૨.૫ કિલોમીટર લાંબો ફીડર ઉભો કરી ૫૦૦ કે.વી.એ.ના ૧૫ ટ્રાન્સફોર્મર ઉભા કરવામાં આવ્યા છે. એક્સપો દ્વારા માંગવામાં આવેલ કોઈ ૭૪ કનેક્શન ૯૦ કે.વી.ના કે જેનો કુલ લોડ ૬૬૦ કિલો વોટ થાય છે તેને આ ૧૧ કે.વી.ફીડરમાંથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવ્યો છે.

સરદારધામ એક્સ્પો સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટે ૧૧ કે.વી.પ્રદ્યુમન ફીડરને સ્ટેન્ડ બાય ફિડર તરીકે રાખવામાં આવ્યું છે. આથી કોઈ પણ પ્રકારનો વીજ વિક્ષેપ ની પરિસ્થિતિમાં પાવર ચેન્જ ઓવર થઈ શકે અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પાડી શકાય.

વીજ પુરવઠો પૂરો પાડી શકાય તે માટે રાજકોટ શહેરના અધિક્ષક ઈજને શ્રી કે.બી.શાહ રાજકોટ સીટી ૩ ડિવિઝનના કાર્યવાહક ઈજનેર શ્રી એમ.આર.માકડીયા અને મોટા મહુવા સબ ડિવિઝનના નાયાબ ઈજનેર અમૃતિયા અને તેમની ઈજનેરો, લાઈન સ્ટાફ અને કોન્ટ્રાકટરોની ટીમની નિગ્રાની હેઠળ આ કામગીરી કરવામાં આવી છે.

એક્સપોમાં વિવિધ ડોમમાં કેટેગરીઝ મુજબ સ્ટોલ નિદર્શન કરવામાં આવ્યું છે. જેમાં ડોબ-બી માં રિયલ એસ્ટેટ, ફર્નિચર, આર્કિટેકચર એન્ડ ઈન્ટિરિયર, એન્ડ ઈલેક્ટ્રોનિક્સ, હોમ એપ્લાયન્સીસ, હોમ ડેકોર, એસ્ટ્રોલોજી, જ્વેલર, પી.વી.સી.પાઈપના સ્ટોલ જોવા મળશે.

ડોન-સી માં ફૂડ એન્ડ બેવરેજીસ અંતર્ગત આઈસ્ક્રીમ, સ્પાઈસીસ એન્ડ પલ્સીસ, કોલ્ડ્રીંક્સ, નમકીન, ટી એન્ડ કોફી, બેકરી, ડેરી, ફૂડ પેકેજીંગ, ફૂડ મશીનરીઝના સ્ટોલ્સ જ્યારે ડોમ-ડી માં ટાઈલ્સ, સેનેટરીવેર, બાથવેર, ડોમ-ઈ માં સીડસ, પેસ્ટીસાઈડ, એગ્રીકલ્ચર પ્રોડકટસ જ્યારે ડોમ-એફ માં ઓટો પાર્ટસ, મશીનરી, સબમર્સીબલ પંપ, સોલાર એનર્જી, કેબલ વાયર, ટ્રાન્સફોર્મર, બેરિંગ, ફાસ્ટનર, પ્લાસ્ટિર અને રબર પ્રોડકટનું એક્ઝિબિશન જોવા મળશે. જ્યારે ડોન જી માં કોસ્મેટિક્સ, હેલ્થ કેર, ફાર્મા, આઈ.ટી., ટ્રાવેલ એન્ડ ટુરીઝમ, ટેક્સટાઈલ ગારમેન્ટ એજ્યુકેશન, બિઝનેસ કન્સલ્ટન્સી, ગિફ્ટ આર્ટીકલ્સ, એડવર્ટાઈઝિંગ એન્ડ માર્કેટિંગ સહિતના વિવિધ ક્ષેત્રના સ્ટોલ્સનું વૈવિધ્યપૂર્ણ પ્રદર્શન જોવા મળશે.

# જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં શિક્ષણ અને આરોગ્ય પ્રશ્ને બોલી તડાપીટ

## રાજકોટ જિલ્લાની ૭૫ ગ્રામપંચાયતમાં ૧.૧૨ કરોડના ખર્ચે સોલાર પેનલ લગાવાશેઃ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ૭.૪૩ કરોડના વિકાસ કામોની મંજુરીઃહવે જીલ્લાના દરેક ગામોની વેપારી પેઢીઓએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત બનશેઃતમામ ગામડાઓને સ્વચ્છ બનાવવાનો સંકલ્પ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભા પ્રમુખ પ્રવિણાબેન રંગાણીની અધ્યક્ષતામાં મળી હતી આ સભામાં શિક્ષણ અને આરોગ્યના પ્રશ્ને સભ્યો દ્વારા અધિકારીઓને ઘેરવામાં આવ્યા હતા. જિલ્લા પંચાયતના સદસ્ય મનસુખભાઈ સાકરીયાએ વરસાદના કારણે ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકશાન થયું છે જેની પાક નુકશાન પેટે ૧૦.૩૩ લાખ અને જમીન ધોવાણ પેટે ૧૮.૮૮ લાખ જેવી રકમ મંજૂર થઈ હોવા છતા હજુ સુધી ખેડૂતોને મળેલ નથી ક્યારે ચૂકવાસે તે અંગે જવાબ માંગ્યો હતો. જોકે અધિકારીઓએ પોતાની આદત મુજબ આ અંગેની કાર્યવાહી ચાલુ છે. તે જણાવી આ રકમ જાન્યુઆરીના પ્રથમ અઠવાડિયામાં ચૂકવાય જશે તેવી ખાતરી આપી હતી. વધુમાં ગ્રામ્યવિસ્તારની શાળામાં ભણતા બાળકોનું શિક્ષણ સ્તર ઘણું નીચું હોવા અંગે પણ સભ્યોએ પ્રશ્ન ઉઠાવ્યો હતો. હાલ ગામડાઓમાં ઝેરી તાવ તેમજ અન્ય બીમારીઓએ માજા મુકી છે ત્યારે આ અંગે જીલ્લા પંચાયત દ્વારા શું પગલા લેવાઈ છે તે અંગે જવાબ મંગાયો હતો.

આજે મળેલી સામાન્ય સભામાં પંદરમાં નાણા પંચની ગ્રાંટમાંથી ૭.૪૩ કરોડ ના નવા વિકાશ કામોની મંજૂરી અપાય હતી. આ ગ્રાંટ મુખ્યત્વે રસ્તાના કામો અને શિક્ષણમાં ઉપયોગમાં લેવાશે. વધુમાં રાજકોટ જીલ્લાની ૭૫ ગ્રામ પંચાયતમાં વીજ બીલ ઘટાડવા ૧.૧૨ કરોડના ખર્ચે સોલાર પેનલ નખાશે. દરેક ગ્રામ પંચાયતને આ માટે ૧.૫ લાખ ફાળવવામાં આવશે. આ સાથે હવેથી ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી તમામ વેપારી પ્રતિષ્ઠાનને ગ્રામ્ય પંચાયતમા રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત રહેશે. આજે અધ્યક્ષ સ્થાનેથી દરેક ગામ સ્વચ્છ ગામ બને તે માટેનો ઠરાવ કરાયો હતો.

આજની બેઠકમાં ઉપપ્રમુખ રાજુભાઈ ડાંગર, જિલ્લા વિકાસ અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયતના સદસ્યો તેમજ અધિકારીઓએ ઉપસ્થિત રહયા હતા.

# બેડી ચોકડી પાસે યુવાને વખ ઘોળ્યુંઃ પત્નીના ત્રાસથી આપઘાતનો પ્રયાસ કર્યાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોકડી પાસે આરએમસીના પ્લાન્ટમાં સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતા યુવાને છેલ્લા બે વર્ષથી છૂટાછેડા નહીં આપી પત્ની ત્રાસ આપતી હોવાના આક્ષેપ સાથે બેડી ચોકડી પાસે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ પડધરી તાલુકાના નારણકા ગામે રહેતા રજની બાબુભાઈ ચૌહાણ નામનો 30 વર્ષનો યુવાન રાજકોટમાં બેડી ચોકડી નજીક હતો ત્યારે સાંજના સાડા પાંચેક વાગ્યાના અરસામાં ઝેરી દવા પી લીધી હતી યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં રજની ચૌહાણ માધાપર પાસે આરએમસીના પ્લાન્ટમાં સુપરવાઇઝર તરીકે ફરજ બજાવે છે અને પત્ની બે વર્ષથી છૂટાછેડા આપતી નથી અને મોરબીમાં આવેલ તેનું મકાન પણ પડાવી લીધું હોવાના આક્ષેપ સાથે રજની ચૌહાણે ઝેરી દવા પી લીધી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે આક્ષેપના પગલે ગાંધીગ્રામ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેશ ફોરમ દ્વારા એક્સ્પો-૨૦૨૪નું આયોજન

## તા.૧૮ થી ૨૧ જાન્યુઆરી દરમ્યાન ગાંધીનગર ખાતે યોજાશે



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

LIBF એક્સ્પો ૨૦૨૪ - હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર, ગાંધીનગર, અમદાવાદ, ગુજરાત ખાતે ૧૮ થી ૨૧ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન યોજવામાં આવી રહ્યો છે, જેનો ઉદ્દેશ્ય એક અનોખું પ્લેટફોર્મ બનાવવાનો છે- જ્યાં સમગ્ર વિશ્વમાંથી ટોચના વ્યાવસાયિકો તેમજ ઉદ્યોગપતિઓ અને મહિલાઓ અને 30 થી વધુ દેશોના સરકારી પ્રતિનિધિઓ હાજર રહેશે અને તેમની સેવાઓ અને ઉત્પાદનોનું પ્રદર્શન કરશે. ભારતમાં કદાચ પહેલીવાર એવું બન્યું છે કે આટલું વિશાળ પ્રદર્શન, જેમાં ૩૪ થી વધુ ઉદ્યોગો એક છત નીચે હશે. આ માત્ર એક પ્રદર્શન નહીં હોય, પરંતુ એક એવો અનુભવ હશે જે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં વ્યવસાયોની સમૃદ્ધી વધારશે.

LIBF એક્સ્પો ૨૦૨૪ સંબંધો બાંધવા અને તકો અને મૂલ્ય બનાવવા માટે વિવિધ વૈશ્વિક વ્યવસાયોને જોડવા માટે તેમજ નેટવર્ક માટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપશે.

LIBF એક્સ્પો ૨૦૨૪ એ લોહાણા બિઝનેસ ડેવલપમેન્ટ કમિટી દ્વારા એક પહેલ છે, જે ભાગીદારી તેમજ મોટા, આંતરરાષ્ટ્રીય વ્યાપારી નેતાઓ, વૈશ્વિક સરકારી સંસ્થાઓ, ઉદ્યોગના અગ્રણીઓ અને નિષ્ણાતો વિવિધ પ્રકારના ઉત્પાદનો અને સેવાઓ માટે એક છત નીચે ભેગા થશે. વિશ્વભરના ઘણા દેશોમાંથી સરકારી/અર્ધ સરકારી સંસ્થાઓ કંઈઈક્ર એક્સ્પો ૨૦૨૪માં ભાગ લેશે.

LIBF એક્સ્પો ૨૦૨૪ એ યુરો એક્ઝિમ બેંક, વિનમાર્ટ, રવિન ગ્રૂપ, ધર્મદેવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ., ઈસ્કોન ગ્રૂપ, માધવાણી ગ્રૂપ જેવી પ્રતિષ્ઠિત કંપનીઓમાંથી નોંધપાત્ર રસ અને ભાગીદારી મેળવી છે. ઉદ્યોગના નેતાઓની આ વૈવિધ્યસભર એસેમ્બલી વૈશ્વિક વ્યાપાર અને સાંસ્કૃતિક વિનિમય માટે એક ચુંબક તરીકે એક્સ્પોને રેખાંકિત કરે છે.

શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ અને LIBF (લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેસ ફોરમ) ના ચેરમેન સતિષભાઈ વિઠલાણીના જણાવ્યા અનુસાર, LIBF એક્સ્પો ૨૦૨૪, વાઈબ્રન્ટ ગુજરાત સાથે જોડાયેલ, વિવિધ વ્યવસાયો વચ્ચે આંતર અને ક્રોસ બોર્ડર વ્યવહારોને વધારવા અને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે અને પ્રદર્શકો માટે પ્રગતિ અને સમૃદ્ધિ બંનેને આગળ ધપાવવાના વચનો આપે છે. યુગાન્ડા ખાતે યોજાયેલી LIBF 2023 આફ્રિકા કોલિંગ કોન્ફરન્સની જબરજસ્ત સફળતા અને પરિષદમાંથી ઉદ્ભવતા સમૃદ્ધ પરિણામો જેમાં અસંખ્ય MOU પર હસ્તાક્ષર થયા. આનાથી અમને હવે એવા લોકો સાથે જોડાવા માટે વધુ મોટા અને વધુ ધ્યાન કેન્દ્રિત પ્લેટફોર્મ માટે પ્રયત્ન કરવા માટે પ્રોત્સાહિત કર્યા જેઓ પાસે ઉત્પાદનો અને સેવાઓ છે અને તેઓ તેમના બજારોને વધારવાનું વિચારી રહ્યા છે તેમના માટે આ એક્સ્પો ખુબ સરસ તક પૂરી પાડે છે.

LIBF એક્સ્પો ૨૦૨૪ સંપૂર્ણપણે સરકારની "સબકા સાથ, સબકા વિકાસ વિચારધારાનો પડઘો પાડે છે, જેનો અર્થ સર્વસમાવેશક વિકાસ છે. LIBF એક્સ્પો ૨૦૨૪ સેગમેન્ટના સૌથી મોટા ઉદ્યોગો તેમજ નાના સ્ટાર્ટ-અપ્સ, મહિલા ઉદ્યોગ તેમજ એવા યુવાનોની આશાઓ પૂરી કરશે કે જેમની પાસે આઈડિયા છે પરંતુ તેઓ કનેક્ટ કરવા માટે તક શોધી રહ્યા છે.

લોહાણા બિઝનેસ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન તેમજ LIBFના ડિરેક્ટર વિજયભાઈ કારિયાના જણાવ્યા અનુસાર આ ચાર દિવસીય ઉચ્ચ સ્તરીય ઈવેન્ટ 30 થી વધુ દેશોના વ્યવસાયોને એક છત નીચે એક કરવા માટે એક અનોખા પ્લેટફોર્મ તરીકે કામ કરશે. અમને જણાવતા આનંદ થાય છે કે પ્રદર્શકોમાં મોટા બિઝનેસ હાઉસ, વ્યાવસાયિકો, સ્ટાર્ટ-અપ્સ, બેંકો અને નાણાકીય સંસ્થાઓ, વિવિધ સરકારી સંસ્થાઓ, વિચારશીલ નેતાઓ અને રોકાણકારોનો સમાવેશ થાય છે. LIBF એક્સ્પો ૨૦૨૪ એ વિવિધ ક્ષેત્રોના વૈવિધ્યસભર વ્યવસાયોનો એક અનોખો મેળાવડો છે જે વિચારોની આપ-લે કરવા તેમજ રોકાણ અને વેપારની તકો શોધવા માટે ભેગા થાય છે.

LIBF, લોહાણા બિઝનેસ ડેવલપમેન્ટ કમિટી દ્વારા એક પહેલ છે જેનો ઉદ્દેશ્ય તેના સભ્યોના બિઝનેસ અને બ્રાન્ડની તકોની શોધખોળ, સંલગ્ન અને વિસ્તરણ કરવાનો છે. તે મૂડીરોકાણની તકો પૂરી પાડશે અને સાથે સાથે વેપાર સંબંધોને પણ વધારશે. LIBF એક્સ્પો ૨૦૨૪ એ "સબકા વિશ્વાસ જીતવા માટે વિવિધ ક્ષેત્રોના વિવિધ વ્યવસાયોનો અનોખો મેળાવડો છે.

# જોડિયાના વાધા ગામમાં કૌટુંબિક કાકાએ ભત્રીજાને જાનથી મારી નાખવાની ધમકી આપતાં ચકચાર



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જોડીયા તાલુકાના વાધા ગામમાં સામાન્ય બાબતમાં કૌટુંબિક કાકાએ ભત્રીજાને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ચકચાર જાગી છે.આ બનાવની વિગત એવી છે કે, જોડીયા તાલુકાના વાધા ગામના ખેડૂત ચિરાગ ચંદુભાઇ મૈયડ (ઉ.વ.૨૦) ગઇકાલે પોતાની વાડીએ જઇ રહ્યા હતા ત્યારે રસ્તામાં તેમના કૌટુંબિક કાકા રમેશભાઇ રસ્તામાં ચાલીને જઇ રહ્યા હતા અને તેણે ચિરાગને હાકલ પાડી કે, ઉભીને રે...એય તેમ કહેતા ચિરાગ મોટરસાયકલને ઉભું રાખી તેમને શું કામ આવી રીતે બોલો છો? તેમ કહેતા ઉશ્કેરાયેલા રમેશભાઇએ અપશબ્દો બોલી હવે તમારો નિકાલ કરી નાખવો છે અને તમને જાનથી મારી નાંખવા છે તેમ કહેતા ચિરાગ ત્યાંથી નિકળી ગયેલ અને અગાઉ ૧૬ જુલાઇના રોજ પણ તેમના કાકા રમેશભાઇએ ગાળો આપી હતી,પરંતુ કૌટુંબિક કાકા રમેશભાઇએ ગાળો આપી હતી,પરંતુ કૌટુંબિક કાકા થતા હોવાથી સુધરી જશે તેથી ચિરાગે જે-તે સમયે ફરિયાદ નહોતી નોંધાવી તમેના વિરૃધ્ધ જોડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વિશ્વાસઘાત કરી છેતરપિંડી આચરનાર જૂનાગઢના આરોપીને છ વર્ષની સજા ફટકારતી ઉપલેટા કોર્ટ




**મુખ્ય સમાચાર, વિજય રાડીયા**

**ભાયાવદરઃ** ઉપલેટા કોર્ટમાં ફોજદારી કેસના કામના આરોપીઓનું ખોટું ૧૬ સોલવંશી સર્ટિફિકેટ બનાવી તેમનો ઉપયોગ કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવેલું હતું આ બાબતમાં ઉપલેટા કોર્ટ સાથે વિશ્વાસઘાત કરી છેતરપિંડી કરવાની બાબત સામે આવી હતી જેથી આ મામલાને લઈને સમગ્ર બાબતે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી આ અંગે માહિતી આપતા ઉપલેટા નામદાર કોર્ટના આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર જે. એમ. ટાંક જણાવ્યું હતું કે કોર્ટના મુખ્ય જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ દ્વારા ઉપલેટા કોર્ટમાં ચાલતા ફોજદારી કે નંબર.૭૭૪/૭૭૫/. ૨૦૧૫ નો ગુનો ઉપલેટા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હતો જેમાં આરોપી બોગસ સોલ્વન્સી સર્ટિફિકેટ રજૂ કર્યા હોય તે બારાનો કેસ ઉપલેટા કોર્ટ ના મુખ્ય જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફાસ્ટ ક્લાસ એ.એ.દવેની કોર્ટમાં ચાલી જતા આરોપી રાજેશ જયંતીભાઈ જાદવ ને બંને કેસો ની અંદર ત્રણ ત્રણ વર્ષની સખત કેદની સજા અને ૨૦. ૨૦ .હજારનો ડન ફટકારેલ હતો અને આ આરોપીને કુલ છ વર્ષની સજા નો હુકમ કર્યો હતો જુનાગઢ રાજકોટ હાઇવે ઉપર આવેલ સાબલપુર ચોકડી પાસે નકલી એમ.એલ.એ. બની રોપ જમાવાના કેસમાં ઝડપાયો હતો આ શખ્સ રાજેશ જાદવ મૂળ જુનાગઢ મેંદરડા તાલુકાના સીમાસી ગામનો રહેવાસી છે હાલ વાડલા ફાટક વિસ્તારમાં રહેતો હોવાનું ખેતી જમીનની લે વેચ કરતો હોય તેવું સામે આવ્યું હતું. આરોપી વિરુદ્ધ અગાઉ ગોંડલ અને ધોરાજી સમૂહ લગ્ન દરમિયાન છેતરપિંડીના કેસો નોંધાઈ ચૂક્યા છે

# રાજકોટ તથા જામનગરના ભાજપના નગરસેવકો માટે દ્વારકા ખાતે યોજાયો પ્રશિક્ષણ વર્ગ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ભારતીય જનતા પાર્ટી મહાનગરના સ્થાને જામનગર મહાનગર તથા રાજકોટ મહાનગરના કોર્પોરેટરો એવમ શિક્ષણ સમિતિના સભ્યોનો અભ્યાસ દ્વારકા ખાતે યોજાયો આગામી ચૂંટણીમાં કોર્પોરેટરોની ભૂમિકા સોશિયલ મીડિયા નો ઉપયોગ જનહિતની કામગીરી વિવિધ સરકારી યોજનાઓ ઈતયાદી વિષયો ઉપર દ્વારકા ખાતે બે દિવસનો અભ્યાસ વર્ગ યોજાયો.

કુલ સાત સત્રમાં આ અભ્યાસ વર્ગ યોજાયો, જેમાં પ્રથમ સત્રના પ્રારંભમાં વિષય લોકસભા ચૂંટણીમાં મારું યોગદાન પાર્ટીના બૂથ લેવલ કામગીરી અને મારા દ્વારા સામાજિક આધાર વધારવાની કામગીરી વિષય ઉપર આર.સી. ફળદુ ઉદ્દબોધન કરેલ સફળ કહાનીયા અનુભવ શેર કરવા પ્રશ્નોત્તર ભાષણ આ વિષય ઉપર પ્રદીપભાઈ ખીમાણીએ ઉદબોદન કરેલ, મહાનગરપાલિકાની કાર્યપદ્ધતિ તથા જન પ્રતિનિધિના હકો અને ફરજો આ વિષય ઉપર શબ્દસરણભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા ઉદબોદન કરવામાં આવેલ, સોશિયલ મીડિયા નો ઉપયોગ ઉપર મનનભાઈ દાણી દ્વારા ઉદબોદન કરવામાં આવેલ. અભ્યાસ વર્ગના પ્રથમ દિવસે ઉપરોક્ત ચાર સત્ર ચલાવવામાં આવેલ તથા અભ્યાસ વર્ગના બીજા દિવસે કુશળ જનપ્રતિનિધિ - કાર્યાલય, જન-સંપર્ક, પ્રવાસ ઉપર ડોક્ટર સમીર.કગલકરજી દ્વારા ઉદબોદન કરવામાં આવેલ, કેન્દ્ર તથા રાજ્ય સરકારની ગરીબ કલ્યાણકારી યોજનાઓ અને તેનું ૧૦૦% ક્રિયાન્વયન ઉપર જામનગર દેવભૂમિ દ્વારકાના સાંસદ પૂનમબેન માડમ દ્વારા ઉદબોદન કરવામાં આવેલ અભ્યાસ વર્ગના અંતિમ સત્ર વિષય, પાર્ટી, ઇતિહાસ, વિચારધારા, જન ભાગીદારીતા ઉપર રવિન્દ્ર સાઠેજી દ્વારા ઉદબોદન કરવામાં આવેલ.અભિયાસ વર્ગનું આયોજન તથા વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટી જામનગર શહેર દ્વારા કરવામાં આવેલ, જેમાં વિવિધ ટીમોમાં વિવિધ હોદ્દેદારોએ જવાબદારી નિભાવેલ. જે પૈકી વર્ગ સ્થાન વ્યવસ્થા કેતનભાઇ જોશી, અમીબેન પરીખ, વર્ગખંડ વ્યવસ્થા દિનેશભાઈ ગજેરા, મંચ વ્યવસ્થા રાજપાલભાઈ ગઢવી, સત્ર સંચાલન અધ્યક્ષ વ્યવસ્થા ખુમાનસિંહ સરવૈયા, મલ્ટીમીડિયા વ્યવસ્થા ધવલ નાખવા - મૃગેશ દવે, રજીસ્ટ્રેશન વ્યવસ્થા દિલીપસિંહ જાડેજા - વિરલ બારડ, કીટ તૈયાર કરનાર ટીમ નિશાનભાઇ અગારા - ચિંતન ચોવટીયા, પ્રદર્શનની તૈયાર કરનાર ગોપાલભાઈ સોરઠીયા, આંતરિક તથા બાહ્ય સજાવટ દુષ્યંતભાઈ સોલંકી, વિડિયો તથા ફોટોગ્રાફી રાજુભાઈ યાદવ, સ્વચ્છતા વ્યવસ્થા દિપકભાઈ શ્રીમાળી, વક્તા પ્રબંધન અશોકભાઈ વશિયર, વર્ગગીત વંદે માતરમ ગાન મોનિકાબેન વ્યાસ, પર્યવેક્ષક વ્યસ્થા કે જે કનકરા, ભોજન અલ્પાહાર વ્યવસ્થા દિલીપસિંહ કંચવા, મીડિયા પ્રબંધનની જવાબદારી ભાર્ગવ ઠાકર દ્વારા નિભાવમાં આવેલ. કાર્યક્રમના ઇન્ચાર્જ તરીકે મહામંત્રી વિજયસિંહ જેઠવા એ જવાબદારી નિભાવેલ.આ કાર્યક્રમમાં ભાજપ શહેર અધ્યક્ષ વિમલભાઈ કગથરા, સાંસદ પૂનમબેન માડમ મહામંત્રી પ્રકાશભાઈ બામણીયા, વિજયસિંહ જેઠવા, મેરામણભાઈ ભાટુ, પૂર્વ પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ કાર્યક્રમના ઇન્ચાર્જ પ્રદીપભાઈ ખીમાણી ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી સહિત જામનગર રાજકોટના કોર્પોરેટરઓ તથા શિક્ષણ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય જનતા પાર્ટી, મીડિયા વિભાગના ભાર્ગવ ઠાકર ની અખબારી યાદી માં જણાવવાંમાં આવેલ છે.

# મોરબીમાં બહેનોને બાગાયતી તાલીમ સાથે બિયારણનું વિતરણ કરાયું



**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબીઃ** મોરબીમાં નાયબ નિયામક, બાગાયત કચેરી દ્વારા ગુજરાત હાઉસિંગ બોર્ડ મોરબી ખાતે અર્બન હોર્ટીકલ્ચર (શહેરી બાગાયત) તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડે-એન.યુ.એલ.એમ.ના સખીમંડળના બહેનો તથા તેમના પરીવારના બહેનો અને અર્પિત મહિલા ટ્રસ્ટ મોરબીના તાલીમાંર્થી બહેનો મળીને ૫૦થી વધુ બહેનો જોડાયા હતા.

સંસ્થાના પ્રમુખ રંજનબેન ભાયાણીની આ વેળાએ ઉપસ્થિતી રહી હતી. જેમાં બાગાયતી તાલીમની સાથે બિયારણ વિતરણ અને શકભાજી ફૂલછોડ રોપવા ફ્રીમાં દરેક ને કુંડા વિતરણ કરવામાં આવ્યા હતા. તેમજ હળવા નાસ્તા સાથે કીટ (પેન- પેડ- ફોલ્ડરફાઈલ) પણ આપવામાં આવી હતી.

# કોઠારીયા રોડ પર કારખાનેદારની કારના કાચ તોડી લેપટોપની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા રીંગ રોડ પર આવેલ કે.પી.ઈન્ડસ્ટ્રીયલમાં કારખાનેદારે પાર્ક કરેલ કારમાંથી લેપટોપની ચોરી થતા આજીડેમ પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધાયો હતો. આ મામલે પોલીસે સીસીટીવી ફુટેઝના આધારે તપાસ આદરી છે. વધુ માહિતી મુજબ, મવડીમાં રાજદીપ સોસાયટી શેરી નં.૩ માં રહેતાં ભાવીનભાઈ સંજયભાઈ સંઘાણી (ઉ.વ.૨૩) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પીપલાણા ગામમાં આવેલ બજરંગ એન્ટર પ્રાઈજ નામનુ કારખાનુ ચલાવે છે. તેની પાસે કાર છે.






ગઈકાલે રાત્રીના સાડા સાતેક વાગ્યે તેઓ તેના નાના ભાઈ રૂષીત સંઘાણી સાથે કોઠારીયા રીંગ રોડ મુરલીધર વે-બ્રીઝ વાળી શેરી કે.પી.ઈન્ડ. એરીયામા આવેલ ક્રિષ્ના સ્ટીલ નામના કારખાનાવાળા રાહુલભાઈ આહિરએ રાત્રીનુ જમણવાર રાખેલ હોઈ ત્યા તેઓ વેગેનઆર કાર લઈ અને જમવા ગયેલ હતા અને કાર ક્રિષ્ના સ્ટીલ નામના કારખાનાની સામેની શેરીમા પાર્ક કરેલ અને કારમા સીટ નીચે કાળા કલરની બેગમા લેપટોપ રાખી ગાડીને લોક કરી ક્રિષ્ના સ્ટીલ નામના કારખાની સામેની ખુલ્લી જગ્યામા જમણવારમાં ગયેલ અને રાત્રીના સાડા આઠેક વાગ્યે કાર પાસે આવતા જોયુ તો કારના આગળની સાઈડના દરવાજાના બન્ને કાચ તુટેલા હતા. જેથી કારનો લોક ખોલી અને અંદર જોતા તેમાં રાખેલ કાળા કલરની બેગમાં રાખેલ લેપટોપ રૂ.૩૫ હજાર સહિત બેગની અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયા હતાં. આ બનાવ અંગે આજીડેમ પોલીસે ગુનો નોંધી એએસઆઈ આર.જે.જાડેજા અને સ્ટાફે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી.

# નાની મોલડી ગામે પોલીસ પર હુમલો કરનાર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોટીલાના નાની મોલડી નજીક પીએસઆઈવી.ઓ. વાળા સહિતનો સ્ટાફ ૧૨ દિવસ પહેલા પેટ્રોલીંગમાં હતો દરમિયાન ડબલ સવારી બાઈક લઈ નિકળેલા શખ્સો પાસે કાગળો ન હોવાથી ડિટેઈન કરવાનું કહેતા મોટી મોલડી ગામના બે શખ્સોને આવી પોલીસ ઉપર



હુમલો કરી પથ્થરમારો કરતા ગાડીનાકાચ ફુટી ગયા હતા અને પીએસઆઈને ગંભીર ઈજા થઈ હતી જે બનાવમાં પોલીસે ગુનો નોંધી બે શખ્સોને ઝડપી લીધા હતાં. જ્યારે નાસતા ફરતા વિનુ પાંચાભાઈ સાગપરા (રે. મોટી મોલડી)ને આજીડેમ પોલીસે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બામણબોર જીઆઈડીસીના કારખાનામાંથી ચોરી કરનાર બેલડી ઝડપાઈ

## દુધસાગર રોડ પર ભગવતી સોસાયટીમાં જુગાર રમતા છ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલા બામણબોર જીઆઈડીસીના કારખાનામાંથી ચોરી કરી મુદ્દામાલ વેંચવા નિકળેલા બે શખ્સોને ડીસીપી ઝોન ૧ એલસીબી ટીમે દબોચી લઈ રૂા.પાંચ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ બામણબોર જીઆઈડીસીમાં આવેલા રૂષી પેટ્રોકેમ પ્રાઈવટ લીમીટેડ નામના કારખાનામાંથી સ્પેરપાટ અને ભંગારની ચોરી કરી બે શખ્સો રીક્ષામાં મુદામાલ વેંચવા નિકળ્યો હોવાની હકીક્ત મળતા ડીસીપી ઝોન ૧ એલસીબી ટીમના પીએસઆઈ બી.વી.બોરી સાગર હેડકોન્સ્ટેબલ વીજેન્સિંહ તથા જીતુભા સહિતના સ્ટાફે બેટી (રામપરા) ગામ પાસે વોંચ ગોઠવી હતી એક્તા મેટલ નામના








ભંગાર ના ડેલામાં આ ચોરાવ માલ રાખ્યો હોવાની હકીક્તના આધારે પોલીસે ગોવિદ નારુભા રાબા તથા ભંગારના ડેલાનો માલીક અલી ઈકબાલ ગોગદા નામના બે શખ્સોની ધરપકડ કરી રીક્ષા સહિત રૂા.પાંચ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે એક બનાવમાં ક્રાઈમ બ્રાંચના પી.આઈ બી.ટી.ગોહિલની સુચનાથી પીએસઆઈ ડી.સી.સાકરીયા તથા હેડકોન્સ્ટેબલ વિક્રમભાઈ તથા સહદેવસિંહ સહિતનો સ્ટાફ સામા કાંઠે ભગવતી સોસાયટીમાં દરોડો પાડતા જુગાર રમતો અશ્લમ અલ્લા રખા કોલ્યા તથા નીજામ અનવર અગવાન તથા ઓશ્માણ ઉમર નોડે તથા ફિરોજ ઈકબાલ સોંલંકી તથા સરફરાજ મજીદ તરીયાતાર અને સતીશ વિઠલ સોલંકી સહિત છ શખ્સોની ધરપકડ કરી રોકડ તથા મોબાઈલ મળી રૂા.૫૭૪૦૦નો મુદામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# માંડાડુંગર પાસે ગાંજાના જથ્થા સાથે શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ગાંજાના જથ્થા સાથે એક શખ્સને એસ.ઓ.જી શાખાની ઝડપી લીધો હતો. પોલીસે માદક પદાર્થ અને મોબાઈલ મળી કુલ રૂ.૨૨,૮૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. રાજકોટ શહેર પોલીસ કમિશ્નર રાજુ

ભાર્ગવ, અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરી, નાયબ પોલીસ કમિશ્નર કાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહીલ, મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઈમ ભરત બી. બસીયા દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા જઅઢ ગઘ ઝઘ ઉછબત્રાજ' મિશન અંતર્ગત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ-




વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા સુચના આપેલ હોય જે સબંધે રાજકોટ શહેર એસ.ઓ.જી.ના પીઆઈ જે.ડી.ઝાલાની રાહબરી હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે મળેલી બાતમી આધારે આજીડેમ ચોકડીથી આગળ માંડા ડુંગર પાસે ભાવનગર રોડ હાઈવે પર એક શખ્સ ગાંજાના જથ્થા સાથે ઉભો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી હીતેશ ઉર્ફે બન્ટી સવજીભાઈ બાબરીયા (રહે. આજીડેમ ચોકડી માંડા ડુંગરના ઢાળીયા પાસે રાજકોટ)ને ઝડપી લીધો હતો. પોલીસે તેની તલાસી લેતા તેની પાસેથી ૧.૭૮૬ કિ.ગ્રામ ગાંજો અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨૨,૮૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આજીડેમ, ભક્તીનગર, પ્ર.નગર અને એ.ડીવીઝન પોલીસ મથકમાં ચોપડે ચડી ચુક્યો છે.

# કૌટુંબિક મામાનું અપહરણ કરી પાંચ લાખની ખંડણી માંગનાર ભાણેજ સહિત ત્રણની ધરપકડ

## જમીનમાં કરેલા રૂા.૫ લાખનો ખર્ચ કઢાવવા ભત્રીજાએ કાકીના ભાઈનું અપહરણ કર્યુ તુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પોપટપરા નજીક માઉન્ટેન પોલીસ લાઈન પાછળ સ્વામી વિવેકાનંદ નગરમાં રહેતા નીરુબા પ્રતાપસિંહ ઝાલા(ઉ.વ. ૪૦) ને જેઠના દિકરા શક્તિસિંહે વાડીમાં કરેલા ખર્ચના રૂ.૫ લાખની ખંડણી માંગી અને તારા ભાઈ પ્રવીણસિંહનું અપહરણ કર્યાની ધમકી આપ્યાની ફરિયાદ પ્ર.નગર પોલીસમાં નોંધાઈ છે. પોલીસે વાંકાનેર પંથકના શક્તિસિંહ અને તેમના બે મિત્રો ને ઝડપી પ્રવીણસિંહને મુક્ત કરાવ્યા હતા. નિરુબાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું મારા પતિ સાથે અને મારે ચાર દીકરીઓ સાથે રહું છું. મારો ભાઈ પ્રવિણસિંહ જે



અમારી સાથે પાંચેક વર્ષથી રહે છે. પતિ સવારના નોકરીએ ચાલ્યા ગયા હોય અને હું તથા દીકરી આરતીબા ઘરે હતા અને મોટી દીકરી પુજાબેન નોકરીએ ગઈ હોય અને ગાયત્રીબા અને ધ્રુવીબા બંને દીકરી સ્કુલે ગઈ હતી અને મારો ભાઈ પ્રવિણસિંહ જંકશનમાં આવેલ ગુરુકૃપા જનરલ સ્ટોર નામની દુકાનમાં કામ કરતા હોય તે ત્યા હતા અને હું અને આરતીબા બંને ઘરે ગેસ લાઈટર ફીંટીંગ કરતા હોય અને બપોરના આરતીબાના ફોનમાં કોઈ અજાણ્યા શખ્સનો ફોન આવેલ અને આરતીબા એ ફોન રીસીવ કરીને વાત કરતા હું શક્તિસિંહ બોલુ છુ તારા મામાનું અપહરણ કર્યું છે.

તારા મામાને છોડાવો હોય તો તમારી વાડીમાં રૂ.૫ લાખનો ખર્ચો કર્યો છે તે લઈને આવ બાકી તારા મામાને મારી નાખશુ અને જેથી મારી દીકરી એ મને સઘળી વાત કરી હતી. બાદમાં મારા ભાઈ પ્રવીણસિંહનો ફોન સ્વીચઓફ આવતો હોય જેથી મારા પતિને મે વાત કરેલ કે કોઈ મારા ભાઈને અપહરણ કર્યું છે બાદમાં પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.આ મામલે પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ બી.વી.ચુડાસમા, એ એ સઆઈ ચેતનભાઈ ચાવડા, ધર્મેશભાઈ ડાંગર અને સ્ટાફે વાંકાનેર પંથકના ચંદ્રસિંહ ઉર્ફે શક્તિસિંહ હેમતસિંહ ઝાલા(ઉ.વ. ૩૮ ધંધો ટ્રાન્સપોર્ટ રહે. ખેરવા ગામ તા.વાકાંનેર જી. મોરબી), જેરામ જાદવભાઈ મેવાસિયા(ઉ.વ. ૪૧ ધંધો ડ્રાઈવર રહે. ખેરવા ગામ તા. વાકાંનેર જી. મોરબી) અને મેહુલ ઉર્ફે મેહુર રતાભાઈ મુંધવા(ઉ.વ. ૪૦ રહે. પીપળીયા (અગાભી) તા. વાકાંનેર જી. મોરબી)ની ધરપકડ કરી હતી. આરોપી શક્તિસિંહે તેમના મિત્રો સાથે મળી પ્રવીણસિંહનું ચા પીવા લઈ જવાના બહાને રેલનગરમાંથી અપહરણ કર્યું હતું.

# દારૂનો વેપલો કરતો નામચીન બુટલેગર સહિત બેની ધરપકડ

## જાહેરનામાનો ભંગ કરનાર હોટલના સંચાલક સામે કાર્યવાહી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્યમાં મોટા પાયે વિદેશી દારૂનો વેપલો ચલાવતો અને અનેક પોલીસ સ્ટેશનના ચોપડે ચડીચુકેલો નામચીન બુટલેગર ધવલ સાવલીયા સહિત બે શખ્સોની ક્રાઈમ બ્રાંચની ટીમે ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ સોનારા તથા મહેશભાઈ ચાવડા તથા હડપાલસિંહ ઝાલા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે ચોક્કસ બાતમીના આધારે કોઠારીયા રોડ પર સાંઈબાબા સર્કલ પાસે આવેલ જેકે એપાર્ટમેન્ટના બીજામાળે ફ્લેટ નં.૨૦૧માં રહેતો નામચીન બુટલેગર ધવલ





રસીક સાવલીયાની ધરપકડ કરી હતી આ બુટલેગર ત્રણવાર પાસામાં જેલની હવા ખાઈ ચુક્યો છે અને રાજકોટ શહેર અને જીલ્લામાં દારૂ વેંચવાના ગુનામાં અનેક્વાર પોલીસ ચોપડે ચડી ચુક્યો છે.

જ્યારે છેલ્લા છ મહિનાથી ક્રાઈમ બ્રાંચના વિદેશી દારૂના ગુનામાં નાસતો ફરતો રતનપર ગામનો બુટલેગર હર્ષદસિંહ ઉર્ફે મેટીયો શક્તિસિંહ ઝાલા નામના બુટલેગરને ક્રાઈમ બ્રાંચની ટીમે ડબોચી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જયારે શહેરમાં હોટલોમાં એસઓજીની ટીમે ચેકીંગ હાથ ધર્યુ હતું ત્યારે આજીડેમ ચોકડી પાસે હોટલ રોયલરાજમાં આવતાજતા ગ્રાહકોની માહિતી પથીક સોફ્ટવેરમાં નહીં નોંધી જાહેરનામાનો ભંગ કરતા હોટલના સંચાલક કીશન કાળ માણેકની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર રોડના આશ્રમમાંથી ચોરી કરનાર બેલડી ઝડપાઈ

## તસ્કરોને પકડવા રાજકોટ પોલીસે જૂનાગઢ પોલીસની મદદ લેવી લીધીઃ પાંચ લાખની રોકડ કબ્જેઃ બાકીના નાણાં મોજશોખમાં વાપરી નાંખ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર વ્હોરા સોસાયટી નજીક કિશાન સ્ટીલ પાછળ આવેલા રામ લક્ષ્મણ આશ્રમમાં મહંતના રૂમની સિમેન્ટની બારી તોડી અંદર પ્રવેશી કબાટના તાળા તોડી ૭ લાખની રોકડ ચોરી જવામાં આવતાં ચકચાર જાગી હતી.આ મામલે પોલીસે કારખાનામાં કામ કરતાં અને આશ્રમે આવ જા કરતાં જુનાગઢ તરફના બે શખ્સને પોલીસે પકડી પાંચ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ જામનગર રોડ પર વ્હોરા સોસાયટીની બાજુમાં યોગી પાર્કમાં રવિ વિદ્યાલય પાસે આવેલા રામ લક્ષમણ આશ્રમમાં રહી આશ્રમ સંભાળતાં મુળ યુપીના ચિત્રકુટના ધુમાઈ ગામના રાઘવદાસ ગુરૂદીનદયાલ દાસ (ઉ.વ.૫૨)ની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો. રાઘવદાસે જણાવ્યું હતું કે હું રામ લક્ષમણ આશ્રમમાં ૨૦૦૪થી એટલે કે કે છેલ્લા ૨૦ વર્ષની મહંત તરીકે રહુ



છું.ચાર છોકરાઓ આશ્રમમાં સેવા આપે છે. આ બધા અલગ અલગ કારખાનાઓમાં નોકરી કરે છે તેમજ આશ્રમમાં જ રહે છે.હું તા. ૧૯/૧૨ના રોજ આશ્રમેથી નીકળીને ટ્રેન મારફત રામેશ્વર તથા દક્ષિણ ભારતના બીજા ધાર્મિક સ્થળો પર યાત્રાએ ગયો હતો.બાકીના પાંચ લોકો આશ્રમમાં જ હતાં. ત્યારે કબાટ અંદર મેં ૭ લાખ રોકડા રાખ્યા હતાં. આ રકમ અંદર જોવા મળી નહોતી. આ બનાવમાં પીઆઈ એમ. જી. વસાવા, પીએસઆઈ વી.એચ.પરમાર, ખોડુભા જાડેજા, રોહિતભાઈ કછોટ, ગોપાલભાઈ પાટિલ, અર્જુનભાઈ ડવ, મહેશભાઈ કછોટ અને જૂનાગઢના પીએસઆઈ પી.એ.જામગ, વનરાજભાઈ અને જેઠાભાઈ સહિતના સ્ટાફે જૂનાગઢના શ્યામ જશાભાઈ ઉભડિયા અને રાજન વશરામભાઈ મેરાવડાને પકડી લીધા હતા.રાજન અગાઉ બે વખત ઘરફોડ ચોરીમાં આવી ચુક્યો છે. પોલીસે આજુ બાજુની ફેકટરીમાં તપાસ કરતા એક મજૂર જૂનાગઢ જતો રહ્યો હોય તેની તપાસ કરતા જૂનાગઢ પોલીસનો સંપર્ક કરી ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.આરોપીઓએ આર્થિકભીંસ દૂર કરવા અને મોજશોખ કરવા આ નાણાંની ચોરી કરી હતી.

# ગોંડલ સબ જેલમાંથી સારી વર્તણુંકના કારણે બે કેદીઓ જેલમુકત કરાયા

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ સબ જેલ ખાતે આજીવન કેદની સજા ભોગવતા પાકા કેદી મનહરસિંહ કિરીટસિંહ જાડેજાનાઓને ૧૭ વર્ષ કરતા વધુ સમય સજા ભોગવેલ હોય તેમજ પાકા કેદિ - શૈલેન્દ્રસિંહ ઉર્ફે સુરૂભા રાજેન્દ્રસિંહ જાડેજાનાઓને ૨૫ વર્ષ કરતા વધુ સમય સજા ભોગવેલ હોઈ તેઓની વર્તણક સારી હોય સરકાર દ્વારા નક્કી કરેલ ધારાધોરણો મુજબ પાત્રતા ધરાવતા હોય



સી.આર.પી.સી.કલમા-૪૩૩(એ) મુજબ મજકુર કેદીઓની વહેલી જેલમુક્તિ માટે જેલ અધિક્ષક દ્વારા ઝડપી કાર્યવાહી કરી સંબંધિત અધિકારીઓના અભિપ્રાય મેળવી અને જેલ સલાહકાર સમિતી તરફથી પણ હકારાત્મક અભિપ્રાય મળતા આ સજા ભોગવી રહેલ કેદીઓની વહેલી જેલમુક્તિ માટે સરકારમાં દરખાસ્ત મોકલી આપતા સરકારે બાકીની સજા માફ કરીને વહેલી જેલમુક્તિનો આદેશ કરતા ઈ.ચા. અધિક્ષક આર. એ. સોલંકીનાઓ દ્વારા આજ તા.૩૧/૧૨/૨૦૨૩ ના રોજ જેલ મુકત કરી સારા અને ઉજ્જવળ ભવિષ્યની કામના સાથે વિદાય કરેલ જેલ મુકત થતા પરીવારજનોમાં ખુશીનો માહોલ સર્જાયેલ અને છુટયા બાદ પરીવારજનો સાથે મુલાકાત થતા લાગણીસભર દ્રશ્યો સર્જાયેલ હતા.

# શહેરમાં ૧૧૦ કરોડના ખર્ચે બનાવેલ નવા કોર્ટ બિલ્ડીંગનું સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસના હસ્તે લોકાર્પણ કરાશે

## હાઈકોર્ટના ચાર જજે રાજકોટ કલેકટર અને બારના હોદ્દેદારો સાથે બેઠક યોજી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ૧૧૦ કરોડના ખર્ચે બનાવાયેલા માધાપર ચોકડી ખાતે નવા કોર્ટ ભવનનું સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ ચંદ્રચૂડજી શનિવારે લોકાર્પણ કરનાર હોય રાજકોટ જીલ્લા કલેકટર તથા રાજકોટ જીલ્લાના સુપરવીઝન હેઠળ સ્વાગત-સભા સ્થળ-લોકાર્પણ-ઉતારા સહિતની બાબતે તડામાર તૈયારીઓ શરૂ થઇ છે. કાર્યક્રમને લઈને હાઈકોર્ટના ન્યાયાધીશોએ રાજકોટ બારના હોદેદારો સાથે એક મિટિંગ યોજી હતી.

રાજકોટ કલેકટર કચેરીના ટોચના અધીકારી સૂત્રોમાંથી મળતી વિગત મુજબ ચંદ્રચૂડજીના કાર્યક્રમ બાબતે આખી રૂપરેખા ઘડી કાઢવા રાજકોટના યુનિટ જજ અને હાઈકોર્ટના જજ આશુતોષ શાસ્ત્રી, ઈલેશભાઈ વોરા, રાજકોટ ડીસ્ટ્રીકટ જજ આર.ટી. વસાણી, હાઈકોર્ટના જજ એન.વી. અંજારીયા, બિરેનભાઈ વૈષ્ણવ સહિત મહાનુભાવો



રાજકોટ આવ્યા હતા. અને ફ્લપ્રૂફ મીટીંગ યોજી સમગ્ર રૂપરેખા ઘડી કાઢી હતી.

સૂત્રોએ ઉમેર્યુ હતું કે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ચંદ્રચૂડજીના કાર્યક્રમ સંદર્ભે ૨૦ જેટલા સિનિયર વકીલોની મોનીટરીંગ લો.

૧૦૦ જેટલા વકીલોથી વ્યવસ્થા કમિટી બનાવાઈ છે. ચંદ્રચૂડજી શુક્રવારે સાંજે ૫ થી ૫-૧૫ વચ્ચે હિરાસર એરપોર્ટ ખાતે આવી પહોંચશે, ત્યાંથી તેઓ સ્પે. હેલીકોપ્ટર દ્વારા વેરાવળ-સોમનાથ જશે, અને બાદમાં દ્વારકા જશે, હિરાસર ખાતે રાજકોટ કલેકટર સહિતના મહાનુભાવો દ્વારા સ્વાગત કરાશે.આ પછી શનિવારે ચંદ્રચૂડજી બપોરે ૧-૨૫ થી ૨-૩૦ વચ્ચે નવા કોર્ટ ભવન ખાતે આવી પહોંચશે. તેમના મુખ્ય સ્ટેજથી ચારે બાજુ ૧૫ ફૂટ દૂરથી બેસવાની વ્યવસ્થા કરાઈ છે. જેમાં પ્રથમ હરોળમાં વીવીઆઈપી-ન્યાયાધીશો -ત્યારબાદ મીડીયા અને ત્યારબાદ વીઆઈપી-સામાજીક આગેવાનો અને વકિલો માટે બેસવાની વ્યવસ્થા કરાઇ છે. કલેકટર કચેરીના સુત્રોએ ઉમેયુ હતું કે સુપ્રિમકોર્ટના ચીફ જસ્ટીસનો હજુ જીએડીમાં કાર્યક્રમ આવ્યો નથી, તેમાં કોણ કોણ સ્વાગત કરશે, સ્ટેજ ઉપર કોણ બેસશે. સહિતની બાબતોનો ઉલ્લેખ હશે. નવા કોર્ટ બિલ્ડીંગના ઉદઘાટન અને વકીલો માટેના નવા બિલ્ડીંગના ખાત મૂહર્તના કાર્યક્રમને લઈને રાજકોટ આવેલા હાઈકોર્ટના ચારેય જજોએ રાજકોટ બારના હોદેદારો સાથે એક મિટિંગ યોજી હતી. અને કાર્યક્રમની રૂપરેખા ઘડી હતી. આ તકે રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ બકુલભાઈ રાજાણી, ઉપ પ્રમુખ સુરેશભાઈ ફળદુ, સેક્રેટરી પી.સી. વ્યાસ, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્ર ગોંડલીયા, ટ્રેઝરર આર.ડી. ઝાલા અને લાઈબ્રેરી સેક્રેટરી મેહુલ મહેતા સહિતના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# સર ગામે જુની અદાવતનો ખાર રાખી પરિવાર પર પાડોશીનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના સર ગામે પુત્રના જન્મ દિવસની કોઠારીયા રીંગ રોડ પર આવેલ કે.પી.ઈન્ડસ્ટ્રીયલમાં કારખાનેદારે પાર્ક કરેલ કારમાંથી લેપટોપની ચોરી થતા આજીડેમ પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધાયો હતો. આ મામલે પોલીસે સીસીટીવી ફુટેઝના આધારે તપાસ આદરી છે. વધુ માહિતી મુજબ, મવડીમાં રાજદીપ સોસાયટી શેરી નં.૩ માં રહેતાં ભાવીનભાઈ સંજયભાઈ સંઘાણી (ઉ.વ.૨૩) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પીપલાણા ગામમાં આવેલ બજરંગ એન્ટર પ્રાઈજ નામનુ કારખાનુ ચલાવે છે. તેની પાસે કાર છે. ગઈકાલે રાત્રીના સાડા સાતેક વાગ્યે તેઓ તેના નાના ભાઈ રૂષીત સંઘાણી સાથે કોઠારીયા રીંગ રોડ મુરલીધર વે-બ્રીઝ વાળી શેરી કે.પી.ઈન્ડ. એરીયામા આવેલ ક્રિષ્ના સ્ટીલ નામના કારખાનાવાળા રાહુલભાઈ આહિરએ રાત્રીનુ જમણવાર રાખેલ હોઈ ત્યા તેઓ વેગેનઆર કાર લઈ અને જમવા ગયેલ હતા અને કાર ક્રિષ્ના સ્ટીલ નામના કારખાનાની સામેની શેરીમા પાર્ક કરેલ અને કારમા સીટ નીચે કાળા કલરની બેગમા લેપટોપ રાખી ગાડીને લોક કરી ક્રિષ્ના સ્ટીલ નામના કારખાની સામેની ખુલ્લી જગ્યામા જમણવારમાં ગયેલ અને રાત્રીના સાડા આઠેક વાગ્યે કાર પાસે આવતા જોયુ તો કારના આગળની સાઈડના દરવાજાના બન્ને કાચ તુટેલા હતા. જેથી કારનો લોક ખોલી અને અંદર જોતા તેમાં રાખેલ કાળા કલરની બેગમાં રાખેલ લેપટોપ રૂ.૩૫ હજાર સહિત બેગની અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયા હતાં. આ બનાવ અંગે આજીડેમ પોલીસે ગુનો નોંધી એએસઆઈ આર.જે.જાડેજા અને સ્ટાફે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી.

# ભગવતીપરામાં બેભાન થઈ જતાં યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં આવેલા ભગવતીપરામાં રહેતા યુવકને અચાનક લોહીની ઉલટી થયા બાદ બેભાન હાલતમાં મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. ભગવતીપરામાં રહેતા જમન મુળુભાઈ રાઠોડ નામનો ૪૧ વર્ષનો યુવાન રાત્રીના બે વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો ત્યારે તેને અચાનક લોહીની ઉલ્ટી થયા બાદ બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં તેની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછ જમન રાઠોડ બે ભાઈ બે બહેનમાં વચ્ચેટ હતો અને તેને સંતાનમાં છ પુત્રી છે અને લોહીની ઉલ્ટી થયા બાદ મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત રૈયાગામમાં રહેતા અકબર ગફારભાઈ શેખ નામના ૩૮ વર્ષના યુવાને સાંજના ચારેક વાગ્યે પોતાના ઘરે હતો ત્યારે બીમારીથી વધુ પડતી ટીકડી ખાઈ લીધી હતી જ્યારે જામનગર રોડ ઉપર નાગેશ્વરમાં રહેતા રહેતી શૈસાલીબેન અલ્પેશભાઈ શાહ નામની ૨૧ વર્ષની યુવતીએ રાત્રિના સાડા આઠેક વાગ્યાના સમયે બીમારીની વધુ પડતી દવા પી લીધી હતી. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT